

# मानवपथ

દર્શકઃ

પ્રશાન્ત ઘનશ્યામ-જમુના દેસાઈ

રત્ન

૬

# Mānavpath

based on

Pushti Maryādā Pravāh Bhed

of

Pujya Shrï Vallabhāchārya

Written & published by
Prashant Desai
Dipt.me

e-publication
June 21, 2025

મૂલ્ય: સહયોગ–સેવા

© Prashant Desai
All Rights Reserved.
Without the prior written permission of the publisher,
This book may not be reproduced or sold in any form.
Email: usha.dipt@gmail.com / Visit at: www.dipt.me

हरिॐ नमो भगवते श्रीकृष्णाय वासुदेवाय

શ્રીવલ્લભાચાર્યવિરચિતમ્

# ॥ પુષ્ટિ મર્યાદા પ્રવાહ ભેદ ॥

આધારિત

શ્રીવલ્લભ સાહિત્યમાળા : રત્ન – ૬

# માનવપથ

## શ્લોક પદચ્છેદ અન્વય
## ભાષાંતર તાત્પર્ય

દર્શક : પ્રશાંત ઘનશ્યામ–જમુના દેસાઈ

## પ્ર.લેખ

રત્ન–પાંચમાં જોયું હતું તેમ, આચાર્યશ્રી ત્રણ પ્રકારનાં માર્ગો પર ચાલતાં, પાંચ પ્રકારનાં મનુષ્યોનાં ભેદ.. માનવીય તફાવત કહે છે. તેમાં પ્રથમ પ્રાકૃતલોકો (૧) આસુરી પ્રવાહમાર્ગી (૨) દૈવી પ્રવાહમાર્ગી. તે પછી મર્યાદીલોકો (૩) જ્ઞાનમાર્ગી સાધકો (૪) ભક્તિમાર્ગી સાધકો. અંતે (૫) સિદ્ધ મનુષ્યો, જે લોકોને પ્રભુએ સ્વીકારીને પુષ્ટ કર્યાં! ચોથા પ્રકારનાં મનુષ્યથી પુષ્ટિમાર્ગનો આરંભ થાય છે.

આ ગ્રંથમાં આચાર્યશ્રી આ પાંચ પ્રકારનાં મનુષ્યોનું જ વિશેષ વર્ણન કરવાનાં છે. તેમાં આપણે ક્યાં તે પોતાની જાતે જ પારખવાનું છે. મુખ્ય ત્રણ ભેદ છે.

પ્રવાહમાર્ગીઃ જ્યારે પ્રથમ મનુષ્યદેહ મળતો હશે ત્યારે, મનુષ્યત્વનો નવો જ અનુભવ હશે! મસ્તક પણ કોરી પાટી જ હશે! તેમાં કયા વિચારો, વૃત્તિઓ, સંસ્કારો, કલાઓ, સાથ–સંગાથ... ગ્રહણ કરવાં તે માણસ જાતે જ નક્કી કરે છે. તેમાં દેશ–કાળ, સંબંધોની અસરો, શિક્ષણ–કેળવણી વગેરે પરિસ્થિતિઓ અવશ્ય ભાગ ભજવે છે; પણ અંતે તેનાં વ્યક્તિત્વનો આધાર.. જે તે સંપાદન કર્યાંનો શ્રેય, મનુષ્ય પોતે જ છે! ગીતાજી કહે છે તેમ, તું જ તારો મિત્ર ને તું જ તારો શત્રુ! કારણ, તને સ્વતંત્ર બુદ્ધિ આપેલી છે, તું તારી જાતે જ અભ્યાસ કરી શકે છે! તું કોઈનાં તાલે નાચ, કોઈનાં પ્રભાવમાં રહે, કોઈનાં રસ્તે ચાલ્યો જા કે તારો રસ્તો સ્વયં બનાવ! કોઈ બંધન નથી, પ્રત્યેક વ્યક્તિ સ્વતંત્ર છે! તારું માનવું–ન માનવું, બનવું–ન બનવું, ગણકારવું–ન ગણકારવું.. આવી દરેક બાબતોની સ્વીકૃતિ તારા ઉપર જ નિર્ભર છે. આ મનુષ્યત્વનો પ્રથમ સિદ્ધાંત છે કે મનુષ્ય બધી રીતે પૂર્ણ સ્વતંત્ર છે! આગળ ઉપર કયા માર્ગે જવું તેનો નિર્ણાયક મનુષ્ય પોતે જ છે!

તેથી જેમણે હજુ કોઈ માર્ગ નક્કી કર્યો નથી, તેઓ પ્રવાહમાર્ગી છે. જેમ કે આસ્તિક છે કે નાસ્તિક, સંસારપ્રિય છે કે જિજ્ઞાસાપ્રિય, બાહ્યપ્રવૃત્ત છે કે અંતઃપ્રવૃત્ત.. આ બધી મનોવૃત્તિઓ સમજી લે તો આગળનો માર્ગ પસંદ કરી શકે!

બીજું, સૃષ્ટિગત બે સંપદાઓ.. દૈવી અને આસુરી, રહેલી જ છે, તેમાંથી કોઈ એક સંપદા સ્વીકારીને ચાલવાનું છે, તે મનુષ્યે પ્રથમ નક્કી કરવાનું છે. હવે આમાં પરંપરાઓ, મત–મતાંતરો, સંપ્રદાયો કે ધર્મો.. વગેરે અગત્યનો ભાગ ભજવે છે. તેમાં જો આસુરી સંપદામાં સપડાયાં તો સમજો વિકાસ અટક્યો! પણ જાતે અભ્યાસ કરીને કે સદ્ભાગ્યે દૈવી માર્ગ હાથ લાગી ગયો તો, વિકાસ નિશ્ચિત છે. આ બન્ને સંપદાઓનું ગીતાજીનાં સોળમાં અધ્યાયમાં વિસ્તૃત વર્ણન મળે છે.

મર્યાદામાર્ગીઃ આજના યુવાનોએ એક શબ્દ સાંભળ્યો નહીં હોય કે આ 'મરજાદી' છે! એટલે એ કોઈને અડે નહીં, આપણે પણ એને નહીં અડવાનું. એનું બધું અલગ! સેવા જુદી, અન્નપાણી જુદાં! પછી ખબર પડી કે મર્યાદી શબ્દનો અપભ્રંશ મરજાદી શબ્દ થયો છે! મર્યાદા પાળવાવાળા લોકો એટલે કે સાધના કરવાવાળા લોકો, મર્યાદી થયાં છે! મર્યાદા પાળવી જ પડે, તેના વિના વિકાસ નહીં.. સાધના નહીં. અતિભાવથી આભડછેટનાં દૂષણો ઘૂસી ગયાં તે વાત જુદી છે, પણ આ સાચો વિકાસ માર્ગ છે.. સાધનાકાળ છે. જેઓ મર્યાદામાર્ગી છે તેઓ, દૈવીવૃત્તિનાં છે જ ઉપરાંત તેમની સાધના બે માર્ગે ભિન્ન થાય છે. એક, જ્ઞાનમાર્ગે.. સંન્યાસ પ્રવૃત્તિ અને બીજે, ભક્તિમાર્ગે.. માનસીસેવા પ્રવૃત્તિ. બન્નેમાં કર્મો અનિવાર્ય છે, બન્નેમાં બંધનો આવશ્યક છે.. મર્યાદા પાળવાની.. સંયમ કેળવવાનો છે. સમય–સંજોગો પ્રમાણે તેનાં પાલનો બદલાય પણ, મૂળ હેતુ ન બદલાય. બન્નેનું ગંતવ્ય એક જ છે.. स्वस्वरूपानुसंधानम्! अहं ब्रह्मास्मिની અનુભૂતિ!

હવે, જ્ઞાનમાર્ગમાં સાધકે પોતાનું સ્વયં ધ્યાન રાખવાનું હોય છે, તેને કોઈની પાસેથી કોઈ જ અપેક્ષા નથી. જ્યારે ભક્તિમાર્ગમાં સાધક પ્રભુને શરણે છે, તેને આધાર.. સહરો.. મદદ મળે છે; તેને જ આચાર્યશ્રી "પુષ્ટિ" લેખે છે! આ છે ચોથા પ્રકારના માનવી! ભક્તના વિકાસની જવાબદારી ભગવાન સ્વયં લે છે. આ સ્થિતિમાં પુષ્ટિ એટલે અનુમોદન કે વૃદ્ધિ! એવા ભ્રમમાં ન રહેવું કે રોજ માળા કરી કે સાધના પૂરી! ભક્તિની સાધના એટલે પ્રેમનો પર્યાય થવું, પરિશુદ્ધિનો પૂર્ણ પ્રયત્ન કરવો. ભક્ત પ્રયત્ન કરે તેને ભગવાન અનુમોદન આપે કે વૃદ્ધિની સવલત કરી આપે, અન્યથા માત્ર સેવાથી કે માળાથી જીવનમાં કોઈ ફેર પડતો નથી!

પુષ્ટિમાર્ગીઃ જ્યારે વ્યક્તિ પૂર્ણ થાય, તેમાં જ્ઞાનમાર્ગે બ્રહ્મત્વ મેળવે કે ભક્તિમાર્ગે બ્રહ્મત્વ મામે, તે પુષ્ટ થયો કહેવાય! અહીં પુષ્ટિ એટલે સ્વીકૃતિ! તેને બ્રહ્મસ્વરૂપે ભગવાને સ્વીકારી લીધો ગણાય! હવે માર્ગ તો રહ્યો નહીં! પહોંચી ગયા પછી માર્ગ કેવો? આચાર્યશ્રી અહીં તે સમજાવે છે કે એક અંતિમ માર્ગ રહ્યો છે! તે માર્ગનું નામ છે, અદ્વૈતમાર્ગ! તે જ સાચો પુષ્ટિમાર્ગ! ભગવાનમાં ભળી જવું.. દ્વૈતાવસ્થા પણ સમાપ્ત! જોકે આ સ્થિતિ ઈશ્વરકૃપાથી જ શક્ય છે, અહીં કોઈનું કાંઈ જ ન ચાલે! ના જપ ના તપ! ના ભક્તિ ના જ્ઞાન! માત્ર ઈશકૃપાથી શક્ય થાય. આ ગાળામાં ભગવાન તેનાં દેહમાં આવી વસે, પૂર્ણરૂપથી.. પરમાત્મા સ્વરૂપે! તે પુષ્ટવ્યક્તિ આપણા માટે થઈ જાય, મહાપુરુષ.. મહાત્મા.. અંશાવતાર!

કહ્યું જ છે કે महाजनो गताः येन स पन्थाः। મહાપુરુષો જે માર્ગે ગયા તે જ આપણા રસ્તા! તે જ ધર્મ ને તે જ કર્મ! પણ બધુંય સમજી–વિચારીને! આંધળું અનુકરણ ન ચાલે. ઘેંટાવૃત્તિ છે કે સાવજવૃત્તિ છે! તેનું ધ્યાન રાખવું પડે!

માર્ગ–માર્ગી–માર્ગાન્ત; આ ત્રણેય મહત્વનાં છે પણ સૌથી અગત્યનો છે, માર્ગદર્શક! માર્ગ બતાવે, માર્ગી બનાવે અને માર્ગાન્ત.. ગંતવ્ય સુધી પહોંચાડે તેને કહેવાય માર્ગદર્શક! ભારતીય સંસ્કૃતિએ તેને ગુરુની પદવી આપી છે. કળિકાળમાં તો कृष्णं वन्दे जगद्गुरुम्! શ્રીકૃષ્ણના ઉપદેશો કે જ્ઞાન એ જ જીવનનો આધાર છે! આચાર્યશ્રીએ આ ગ્રંથમાં ગીતાજીનાં અવતરણો લઈને જ બધું સમજાવ્યું છે.

આપણે ચાલ્યાં જ કરીએ અને ક્યાંય ન પહોંચીએ તો! ઘાણીની જેમ રસ્તો જ ગોળાકાર થઈ જાય તો! ક્યાંય ના પહોંચાય. વળી એમ પણ બને કે, એક રસ્તો પુરો થાય ત્યાંથી બીજો રસ્તો શરુ થઈ જાય! નીજધામ.. ડેસ્ટીનેશન.. મંઝીલ મળે જ નહીં! રસ્તાને મળે રસ્તા અમારા, ભગવાન જાણે ક્યાં પહોંચવાનાં! અને આ તો ભવાટવી! ભવનું જંગલ! બહાર નીકળવું જ કઠણ.. અશક્ય જેવું છે.

એવામાં સાચો માર્ગદર્શક મળે તો ઈશ્વરકૃપા! માનવનો પથ.. રાહ.. માર્ગ સરળ નથી, કળિયુગમાં તો બીલકુલ નહીં. જાતે જ કલન કરીને ચાલવું પડે તે યુગ એટલે કલિયુગ! જો યથાર્થ આકલન ન થયું તો ગાડી અવળા પાટે જ ગઈ સમજો! મહાપુરુષો રસ્તો બતાવે, એ પથ પર જાતે જ ચાલવાનું છે, તો જ પહોંચાય! બીજો ચાલે અને આપણે પહોંચીએ એવું બને? તેથી કોઈ ગમે તે કહે, માની લેશો નહીં.. ભરમાશો નહીં, જાતે જ અભ્યાસ કરીને બધું સમજવાનું છે.

જીવનને પથ સમજીએ તોયે જાતે જ ચાલવાનું છે અને પહોંચવાનું છે. જીવનને રમત સમજીએ તોયે જાતે જ રમવાનું છે, જિતવાનું છે! અને જીવનને પરીક્ષા સમજીએ તો પણ જાતે જ પસાર કરવાની છે! ઉત્તિર્ણ થવાનું છે! તે સૌમાં ભગવાન તો માત્ર પ્રેક્ષક છે! તેમાં મહાપુરુષ દર્શક કે પ્રશિક્ષક છે!

આ ગ્રંથ પણ અન્ય કેટલાંક ગ્રંથોની જેમ અધૂરો છે.. અપૂર્ણ પ્રાપ્ત છે. આટલું અમુલ્ય તત્ત્વજ્ઞાન કેમ સચવાયું નહીં! વાંચનારને સહેજે દુઃખ થાય પણ સ્થિતિ સ્વીકારવી રહી. જે અગત્યનાં માર્ગો છે, મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગ, તેનું જ લખાણ મળતું નથી. આચાર્યશ્રીએ કેટલું સુંદર રીતે સમજાવ્યું હશે! તેની માત્ર કલ્પના કરવી રહી. હરિઇચ્છા! જેટલું મળ્યું તેટલું સદ્ભાગ્ય આપણું! તો આ ગ્રંથને વિસ્તારથી સમજીએ, તાત્પર્ય ગ્રહણ કરીએ. હરે કૃષ્ણ!

१ पुष्टिप्रवाहमर्यादा विशेषेण पृथक्पृथक्।
जीवदेहक्रियाभेदैः प्रवाहेण फलेन च॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| पुष्टि | प्रवाह | मर्यादा | विशेषेण | पृथक् | पृथक् |
| પુષ્ટિમાર્ગ | પ્રવાહમાર્ગ | મર્યાદામાર્ગ | વિશેષ કરીને | અલગ | અલગ |
| जीव-देह-क्रिया-भेदैः | | | प्रवाहेण | फलेन | च |
| જીવ (તેનાં) દેહ અને કર્મના ભેદપૂર્વક | | | સ્વભાવથી | ફળથી | અને |

प्रवाह.. प्रकृतिः, मर्यादा.. संस्कृतिः, पुष्टि.. स्वीकृतिः (मार्गाः) प्रवाहेण.. स्वभावेन च फलेन.. प्रारब्धेन, (यत्) जीव-देह-क्रिया भेदैः, पृथक् पृथक् विशेषेण (प्रवक्ष्यामि)॥

પ્રવાહ.. પ્રકૃતિ, મર્યાદા.. સંસ્કૃતિ, પુષ્ટિ.. સ્વીકૃતિ (સર્વ માર્ગો), પ્રવાહથી.. સ્વભાવપૂર્વક અને ફળથી.. પ્રારબ્ધપૂર્વક, (જે) જીવ-દેહ-ક્રિયાનાં ભેદો.. પ્રકારો, પૃથક્ કરીને.. વિશ્લેષણ કરીને વિશેષરૂપે (કહીશ.)

તાત્પર્યઃ ભારતીય સંસ્કૃતિનો હજારો વર્ષોનો ઇતિહાસ છે, હોય જ! કારણ તે સનાતન છે. સનાતન અર્થાત્ શાશ્વત.. આરંભથી અંત સુધી! તેમાં સાધુ-સંતોનો પાર નથી, લાખો ઋષિ-મુનિ.. યોગી-જ્ઞાની, ભક્તો-આચાર્યો, યતી-સંન્યાસી થઈ ગયાં. આ સંસ્કૃતિમાં કેટલાંય અવતારો.. ભગવાનની વિભૂતિઓ છે! દરેકનું જે તે કાળ પ્રમાણે મહત્વપૂર્ણ યોગદાન છે. સંસ્કૃત એક કાળની વૈશ્વિક ભાષા હતી, આજે કળિયુગમાં લુપ્તપ્રાય થઈ અને તેથી, સંસ્કૃતિ રુંધાય છે.. ભીંસમાં છે.

તેવા કળિકાળમાં શ્રીવલ્લભાચાર્યે માનવીયપથનું સુંદર નિરૂપણ કર્યું છે. એવું નથી કે માનવતાનું વિશ્લેષણ કોઈએ કર્યું નથી.. માનવતા કોઈએ સમજાવી નથી; ઘણાં વિદ્વાનો થઈ ગયાં જેમણે મનુષ્યના ગુણ-ધર્મોને આલેખ્યાં છે, પણ કાળક્રમે નષ્ટ થયાં! તેથી આજે માનવધર્મનું સાચું સ્વરૂપ પણ મળતું નથી. તેવામાં આચાર્યશ્રીએ માત્ર ત્રણ વિભાગમાં, મનુષ્યત્વનું સંપૂર્ણ ચિત્રાંકન કરી આપ્યું! વિભાગ તો સૃષ્ટિગત છે, એમણે માર્ગરૂપે નિરૂપણ કર્યું! તે માર્ગે ચાલવું હોય તો ચાલવા લાગો અન્યથા મનુષ્યત્વ ગુમાવો! સંકલન દરેકનું પોતપોતાનું છે!

આ સૃષ્ટિમાં કેટલાં જીવો! કેટલું વિશાળ વિશ્વ! તેમાં કોણે કોની પડી છે? આપણે જ આપણું જોવાનું! તેથી આચાર્યનું માર્ગ-દર્શન નિશ્ચિત કરી લઈએ.

२ वक्ष्यामि सर्वसंदेहा न भविष्यन्ति यच्छ्रुतेः।
भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः॥

| वक्ष्यामि | सर्वसंदेहाः | न | भविष्यन्ति | यत् | श्रुतेः |
|---|---|---|---|---|---|
| કહું છું | સર્વસંદેહો | નહીં | ભાવીમાં રહે | જે | સાંભળીને |

| भक्तिमार्गस्य | कथनात् | पुष्टिः | अस्ति | इति | निश्चयः |
|---|---|---|---|---|---|
| ભક્તિમાર્ગની | કથનથી | વૃદ્ધિ | છે | એમ | નિશ્ચિત મત છે |

यत् वक्ष्यामि (ततः) श्रुतेः सर्वसंदेहाः न भविष्यन्ति। (श्रीभगवतः) कथनात् भक्तिमार्गस्य पुष्टिः.. वृद्धिः अस्ति, इति निश्चयः॥

જે કહું છું (તે પછી) સાંભળેલાં સર્વ સંદેહો.. સંશયો, ભવિષ્યમાં નહીં રહે. (સર્વશંકાઓ દૂર થશે. શ્રીભગવાનના) કથનથી.. વચનથી ભક્તિમાર્ગની પુષ્ટિ.. વુદ્ધિ છે, એમ નિશ્ચય છે.. નિશ્ચિત મત છે.

તાત્પર્યઃ સંશયો તો રહેશે કે થશે, નહીં હોય તો લોકો ઊભા કરશે! કળિયુગી લોકો શંકા નહીં છોડે અને સંશયો તમને નહીં છોડે, આગળ વધવા નહીં દે! આજના યુવાનોમાં તે દેખાય છે. ધર્મક્ષેત્રમાં કે ભક્તિક્ષેત્રમાં તેમને કોઈ પ્રગતિ દેખાતી નથી, સંશયો વધે છે! કારણ, અન્ય લોકોમાં કોઈ પરિણામ દેખાતું નથી! એકની એક જુની પુરાણી વાતોથી આજનો યુવાન પ્રેરાવાનો નથી. તે અનુભવમાં માને છે, તેને જોઈએ નિશ્ચિત પુરાવા અને પરિણામ!

અહીં આચાર્યશ્રી કહે છે, આ ગ્રંથને જાણ્યા પછી, ભાવીમાં દરેકનાં સંશયો નષ્ટ થશે.. નહીં રહે. યુવાન હોય કે વૃદ્ધ, નર હોય કે નારી.. જેને પણ ભક્તિમાર્ગ વિશે સંશયો છે તે સૌ દૂર થશે.. નીકળી જશે કારણ, ભગવાનનો જ આધાર લીધો છે. સ્પષ્ટ ઉપદેશ છે કે શ્રીભગવદ્ગીતામાં ભગવાને આપેલાં કથનો કે વચનોથી જ મનુષ્યની ભક્તિમાં વધારો થાય છે, પોષણ મળે છે. પુષ્ટિમાર્ગનો આધાર માત્ર ગીતાજી છે એવો આચાર્યશ્રીનો દૃઢ મત છે. આપશ્રીએ ગીતાજીનાં જ અવતરણોથી પ્રત્યેક વાતો સમજાવી છે.. પ્રત્યેક માર્ગ સમજાવ્યો છે.

કોઈક શ્લોકોમાં શાબ્દિક ભૂલ હતી, પણ તેને વ્યવસ્થિત કરી લીધી છે. જે ક્રમાંક કૌંસમાં દેખાય તે (અધ્યાય.શ્લોક) ગીતાજીનાં છે. તો હવેનાં શ્લોકથી આચાર્યશ્રી માર્ગદર્શનનો આરંભ કરે છે.

३ द्वौ भूतसर्गावित्युक्तेः प्रवाहोऽपि व्यवस्थितः।
वेदस्य विद्यमानत्वात् मर्यादापि व्यवस्थिता॥

| द्वौ | भूतसर्गौ | इति | उक्तेः | प्रवाहः | अपि | व्यवस्थितः |
|---|---|---|---|---|---|---|
| બે પ્રકારે | જીવસૃષ્ટિઓ | એમ | કહ્યું છે | પ્રાકૃતિકમાર્ગ | પણ | સમજાવ્યો છે |

| वेदस्य | विद्यमानत्वात् | मर्यादा | अपि | व्यवस्थिता |
|---|---|---|---|---|
| વેદના | વિદ્યમાન હોવાથી | સાંસ્કૃતિકમાર્ગ | પણ | સમજાય છે |

'द्वौ भूतसर्गौ लोकेस्मिन्' (१६.६) इति उक्तेः, प्रवाहः.. प्राकृतिक (मार्गः) अपि व्यवस्थितः। वेदस्य.. वैदिक विचारस्य विद्यमानत्वात् मर्यादा.. सांस्कृतिक (धर्म-कर्म मार्गः) अपि व्यवस्थिता॥

'બે પ્રકારની જીવસૃષ્ટિ આ લોકમાં છે' (ગીતા ૧૬.૬) એવા કથનથી, પ્રવાહ.. પ્રાકૃતિક માર્ગ પણ વ્યવસ્થિત.. સમજાવેલો છે. વેદના.. વૈદિક વિચારોનાં આચાર સંસ્કારોથી, મર્યાદા.. સાંસ્કૃતિક (ધર્મ–કર્મ માર્ગ) પણ વ્યવસ્થિત.. સમજાય છે.

તાત્પર્યઃ આચાર્યશ્રીએ અત્યંત સંક્ષિપ્ત અવતરણો લીધાં છે, ગીતાજી તો નિત્ય વિદ્યમાન છે, ગમે ત્યારે જોઈ લેવાય! અત્રે ૧૬માં અધ્યાયમાંથી પહેલું અવતરણ લીધું. તે અધ્યાય દૈવ–અસુર–સંપદા–વિભાગ છે.

શ્રીભગવાન કહે છે, આ સૃષ્ટિમાં જીવો બે રીતે જીવે છે, ૧. દૈવી સંપદાથી અને ૨. આસુરી સંપદાથી. બન્ને સંપદાઓનું વિગતવાર વર્ણન પણ ત્યાં છે. અભય સત્ત્વ–સંશુદ્ધિ જેવાં ગુણો દૈવી સંપત્તિ છે જ્યારે દંભ, અભિમાન, મદ વગેરે ગુણો આસુરી સંપત્તિ છે. કહે છે કે દૈવીગુણો મોક્ષ અને આસુરીગુણો બંધન અપાવશે. અધ્યાયને અંતે કહે છે કે કામ–ક્રોધ–લોભ, આ ત્રણ નરકનાં દ્વાર જ છે, તેમનાંથી દૂર જ રહેવું, શાસ્ત્રસંમત કર્મો કરવાં. આ જાણ્યા પછી કોણ આસુરી બને?

આ વાત પ્રાકૃતિક.. પ્રવાહમાર્ગની હતી, તે પછી મર્યાદામાર્ગ વિશે કહે છે કે વેદના કથન પ્રમાણે.. સાંસ્કૃતિક પરંપરા પ્રમાણે, મર્યાદિત જીવન વ્યવહાર કરીને, શક્તિવર્ધન કરીને તે શક્તિઓનો ઉપયોગ બ્રહ્મપ્રાપ્તિમાં કરવો. આવો યોગરૂપ મર્યાદામાર્ગ પણ ગીતાજીનાં છઠ્ઠા અધ્યાયમાં મળે છે. તેથી બન્ને માર્ગોનું વ્યવસ્થિત જ્ઞાન અને પ્રથમ ચાર પ્રકારનાં મનુષ્યોનું અનુસંધાન પણ મળી રહે છે.. દૈવી માનવ અને આસુરી માનવ તથા જ્ઞાનમાર્ગી અને ભક્તિમાર્ગી.

४ कश्चिदेव हि भक्तो हि यो मद्भक्त इतीरणात्।
सर्वत्रोत्कर्षकथनात् पुष्टिरस्तीति निश्चयः॥

| कश्चित् | एव | हि | भक्तः | हि | यः | मद्भक्तः | इति | ईरणात् |
|---|---|---|---|---|---|---|---|---|
| કોઈક | જ | કેમ કે | ભક્ત | સાચે | જે | મારો ભક્ત | એમ | પ્રેરાઈને |

| सर्वत्र | उत्कर्ष | कथनात् | पुष्टिः | अस्ति | इति | निश्चयः |
|---|---|---|---|---|---|---|
| સર્વત્ર | અભિવૃદ્ધિ | કથનથી | પોષણ | છે | એમ | નિશ્ચિત છે |

हि 'यः मद्भक्तः सः मे प्रियः' (१२.१४,१६) इति ईरणात् हि कश्चित् एव भक्तः (भवति। तत्र) सर्वत्र उत्कर्ष (ऊर्ध्वं कर्षणः) कथनात् पुष्टिः.. वृद्धिः अस्ति इति निश्चयः॥

કેમ કે "જે મારો ભક્ત તે મને પ્રિય" (ગીતાજી ૧૨.૧૪,૧૬) એવાં કથનથી પ્રેરાઈને સાચે કોઈક જ ભક્ત (થાય છે. ત્યાં) સર્વત્ર ઉત્કર્ષ (ઊપર તરફ ખેંચતા) કથનથી પુષ્ટિ.. વૃદ્ધિ.. અનુમોદન મળે છે, એમ નિશ્ચિત.. સિદ્ધ થાય છે.

તાત્પર્યઃ ગીતાજીનો બારમો અધ્યાય "ભક્તિયોગ" છે. તેમાં છેલ્લાં આઠ શ્લોકોમાં ભક્તનાં અદ્વેષ્ટા, મૈત્રઃ, કરુણઃ થી લઈને સ્થિરમતિઃ જેવાં છત્રીસ ગુણો દર્શાવ્યાં છે. આ પ્રકરણનું નામ "ધર્મ્યામૃત" છે, અર્થાત્ જીવનમાં ધરવા જેવું અમૃત! શ્રીભગવાન કહે છે કે આ ગુણો જે પાળે છે તે મને અતિશય પ્રિય છે.

આચાર્યશ્રી પૂછે છે, આ કથનથી પ્રેરાઈને કેટલાં ભક્ત થાય છે? જો ભક્તિ એટલે ભગવાનને પ્રિય થવું.. ગમવું, એવો અર્થ લઈએ તો "આવો ભક્ત મને પ્રિય છે" આના જેવી ભગવાનની પુષ્ટિ.. ભગવાનનું સમર્થન બીજે ક્યાં મળશે?

કોઈ ભગવાન વિશે કહે અને ભગવાન સ્વયં પોતાના વિશે કહે તેમાં અંતર હોય કે નહીં? અને ભગવાન જાતે જ જ્યાં કહેતા હોય કે મને આ ગમે છે.. મને આ પ્રિય છે, ત્યાર પછી ભગવાનને શું ગમે છે? એમ બીજે શોધવાની કે પૂછવાની આવશ્યકતા રહે? ના. આચાર્યશ્રી કહે છે ભગવાનનું માનવામાં જ સર્વ પ્રકારનો ઉત્કર્ષ છે, બીજું બધું વાતનું વતેસર છે! કોઈ એક વાત ફરતી ફરતી આવે તો કેટલી બદલાઈ જાય છે? તેનો સૌને અનુભવ છે, તેવું ભગવાન વિશે થયું છે અને તેથી આપણી ભક્તિમાં કોઈ ભલીવાર નથી. તેથી ગીતાજીમાં ભગવાને કહેલી ભક્તિથી આપણે આપણું જીવન પુષ્ટ કરવાનું છે, તેવો આગ્રહ છે.

૫ न सर्वोऽतः प्रवाहाद्धि भिन्नो वेदाच्च भेदतः।
यदा यदेति वचनात् नाहं वेदैरितीरणात्॥

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| न | सर्वः | अतः | प्रवाहात् | हि | भिन्नः | वेदात् | च | भेदतः |
| નથી | સૌ | તેથી | પ્રકૃતિવશાત્ | કેમ કે | જુદાં | વેદથી | અને | પ્રકારથી |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| यदा यदा | इति | वचनात् | न | अहम् | वेदैः | इति | ईरणात् |
| જ્યારે જ્યારે | એમ | વચન.. પ્રણથી | ના | હું | વેદોથી | એમ | પ્રેરાઈને |

हि भेदतः सर्वः न प्रवाहात्, अतः वेदात् भिन्नः च 'यदा यदा हि धर्मस्य..' (४.७) इति वचनात् (च) 'न अहम् वेदैः न तपसा..' (११.५३) इति ईरणात् (भिन्नमार्गे स्थितः इति निश्चयः)॥

કેમ કે પ્રકારભેદથી સૌ પ્રવાહમાર્ગી નથી; તેવું વેદનિષ્ઠાથી ભિન્ન થાય છે અને "જ્યારે જ્યારે ધર્મની ગ્લાની.." (૪.૭) એમ (શ્રીભગવાનના) વચન.. પ્રતિજ્ઞાથી (કે) 'ના હું વેદોથી ન તપથી...' (૧૧.૫૩) એવી પ્રેરણાથી (ભિન્નમાર્ગે સ્થિત છે).

તાત્પર્યઃ કેટલી સરળતાથી વિભોગો સ્પષ્ટ કર્યાં છે! ભગવાન કહે છે કે જ્યારે જ્યારે ધર્મમાં ગ્લાની.. સુસ્તિ.. મંદી આવે છે ત્યારે, ધર્મનું સંસ્થાપન કરવા અને સાધુ પુરુષોનું રક્ષણ કરવા હું આવું છું. અહીં બે માર્ગો ભિન્ન થયાં! એક પ્રવાહમાર્ગી જે ધર્મને જાણતો જ નથી, અધર્મી છે કાંતો વિધર્મી છે! જ્યારે બીજો સાધુ.. ધર્મી કે સુધર્મી છે, મર્યાદામાર્ગી છે! તે ધર્મને યથાવત જાણે છે, વેદનિષ્ઠ છે અને યમ-નિયમોનું પરિપાલન કરે છે.. મર્યાદામાં બંધાયેલો છે.

અધર્મી હોવું એટલે મનુષ્યત્વ ન હોવું, પશુવત્ કે રાક્ષસવત્ જીવવું! અને વિધર્મી એટલે વિપરિત ધર્મ કે વિકૃત ધર્મને જ ધર્મ માનીને જીવવું! અંધકારમાં દિવો પ્રગટાવે તે ધર્મી, દિવાનું ચિત્ર લાવીને પ્રકાશ થયો એમ સમજે તે વિધર્મી અને દિવો કરવા જ ન દે.. પ્રકાશ થવા ન દે તે અધર્મી!

ત્રીજો પુષ્ટિમાર્ગ ક્યાં જુદો થાય છે? ભગવાન કહે છે, હું નથી વેદોથી.. જાણકારીઓથી મળતો કે નથી ઘણાં તપથી મળતો, નથી યજ્ઞોથી કે દાન-પુણ્યોથી મળતો. હું મળું છું માત્ર અને માત્ર ભક્તિથી.. ભક્તિયોગથી! તે ભક્તિયોગને આચાર્યશ્રી પુષ્ટિમાર્ગ આલેખે છે. આમ ત્રણ માર્ગોનું ભિન્નત્વ સિદ્ધ થાય છે. સૌએ આ ત્રણ માર્ગોથી પસાર થવાનું છે, આપણે ક્યાં છીએ તે જાણી લેવાનું છે!

६ मार्गैकत्वेऽपि चेदन्त्यौ तनुभक्त्यागमौ मतौ।
न तद्युक्तं सूत्रतो हि भिन्नो युक्त्या हि वैदिकः॥

| मार्गे | एकत्वे | अपि | चेत् | अन्त्यौ | तनुभक्ति | आगमौ | मतौ |
|---|---|---|---|---|---|---|---|
| માર્ગોનું | એકત્વ | છતાં | જો | નિર્ણયો | તનુભક્તિ | આગમ-નિગમનાં | મતે |

| न | तत् | युक्तम् | सूत्रतः | हि | भिन्नः | युक्त्या | हि | वैदिकः |
|---|---|---|---|---|---|---|---|---|
| ન | તે | યુક્ત | સૂત્ર અનુસાર | પણ | જુદો | યુક્તિથી | કેમ કે | વેદવાક્ય |

चेत् आगमौ (आगमः च निगमः) अन्त्यौ मतौ, एकत्वे तनुभक्ति
अपि सूत्रतः तत् हि न युक्तम्। हि वैदिकः युक्त्या भिन्नः (उक्तः)॥

જો આગમ અને નિગમનાં અંતિમ મતો.. નિર્ણયો, એક તનુભક્તિ છે, છતાં સૂત્રતઃ તે પણ બંધબેસતું નથી. કેમ કે વેદવાક્ય યુક્તિથી ભિન્ન (તારવે છે).

તાત્પર્યઃ નિગમ.. શ્રુતિ, વૈદિક સિદ્ધાંતો કે શાસ્ત્રો અને આગમ એટલે તંત્રો, જે તે શાસ્ત્રનું કાર્યાન્વિત તંત્ર. આ બન્ને તાત્ત્વિકરૂપે એક જ હોય. અહીં તનુભક્તિ અને વેદવાક્યોનાં અભાવે ચોક્કસ અર્થ મળતો નથી. છતાં વ્યક્તપૂજાથી લઈને તત્ત્વપૂજા સુધીનાં અનુમાનથી મંતવ્યો જુદાં હોઈ શકે નહીં, પૂજાભેદ હોઈ શકે.

આપણે માનીએ કે પૂજા એટલે પૂજા, કોઈ આમ કરે ને કોઈ તેમ કરે.. સમય અને સ્થળ પ્રમાણે ફરક રહેવાનો! એવી આપણી માન્યતા છે. પરંતુ શાસ્ત્રીય પરિભાષામાં ઘણું અંતર છે, જે આપણા ધ્યાનમાં નથી. શાસ્ત્રીય મૂર્તિપૂજામાં સ્થૂળ મૂર્તિ.. અર્ચાની પૂજા એ પ્રાથમિક અવસ્થા છે. તેને તનુપૂજા કહી છે. ઈશ્વરના અમૂક આકારથી તેમની પૂજાનો આરંભ કર્યો, પણ તે જ અંતિમ અવસ્થા નથી. તનુપૂજા પરથી ગુણપૂજા પર આવવાનું છે. જેમકે રામની મૂર્તિમાં રામ એક વ્યક્તિ તરીકે દેખાશે અને પૂજા થશે. તેની આગળની પગથી છે તેમનાં ગુણોની પૂજા! અર્થાત્ તેમનાં જે ગુણો.. ક્વોલિટીઝ છે તે આત્મસાત્ કરવાનાં છે. रामं भूत्वा रामं यजेत्। અર્થાત રામ જેવા થઈને જ રામની ઉપાસના થઈ શકે. અને અંતે તત્ત્વપૂજા! રામ એ વિષ્ણુ.. પૂર્ણબ્રહ્મ તત્ત્વ છે. તેવા તત્ત્વરૂપ મારે પણ થવાનું છે તેવી અભ્યર્થના એટલે તત્ત્વપૂજા! હવે જેમ જેમ પૂજાના સ્વરૂપો બદલાશે તેમ તેમ વ્યક્તિનું માનસ.. આખું વ્યક્તિત્વ જ બદલાશે. તનુપૂજા કરવાવાળો વિકસિત થઈને જ તત્ત્વપૂજા કરી શકશે, તેથી ભેદ નિશ્ચિત છે.

७ जीवदेहकृतिनां च भिन्नत्वं नित्यता श्रुतेः।
यथा तद्वत्पुष्टिमार्गे द्वयोरपि निषेधतः॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| जीव-देह-कृतिनाम् | च | भिन्नत्वम् | नित्यतः | श्रुतेः | |
| જીવો દેહો કૃતિઓનું | અને | જુદાપણું | સતત | સંભળાય છે | |
| यथा | तद्वत् | पुष्टिमार्गे | द्वयः | अपि | निषेधतः |
| જે રીતે | તેમ જ | પુષ્ટિ માર્ગમાં | બેપણું | પણ | અવરોધરૂપ |

यथा नित्यतः जीव, देह च कृतिनाम् भिन्नत्वम्.. विविधत्वम् श्रुतेः।
तद्वत् (तु) पुष्टिमार्गे (ईश्वरस्य स्वीकृतिमार्गे) द्वयः अपि निषेधतः
(अयुक्तः। तत्र एकभक्तिः निश्चितः)॥

જેમ રોજે રોજ જીવો, તેનાં દેહો અને તેમની કૃતિઓમાં ભિન્નતા.. વિવિધતા સંભળાય છે, તે રીતે (ઉલટું) પુષ્ટિમાર્ગમાં (ઈશ્વરની સ્વીકૃતિના માર્ગમાં) બીજી રીત પણ અવરોધરૂપ છે, (અયોગ્ય છે. ત્યાં માત્ર એકનિષ્ઠ ભક્તિ જ નિશ્ચય છે.)

તાત્પર્યઃ આ સૃષ્ટિની વિશેષ રચનામાં જ વિવિધતા છે જેમ કે મનુષ્ય, એના દેહનું માળખું એકસરખું પણ સૌનાં રૂપ રંગ ભિન્ન.. જુદાં જુદાં! કોઈ એકનો ચહેરો બીજા સાથે મળતો ન આવે! દરેકની ચાલ જુદી, વાણી જુદી, હાવભાવ જુદાં, સ્વભાવ જુદાં... અનેક વિવિધતા! પ્રકૃતિએ જે વિવિધ રચના કરી છે તેમાં સામ્ય રાખીને પણ વિષમતા રાખી છે.. ભિન્નતા રાખી છે. આ તેનું કૌતુક છે!

દરેકનાં સ્વભાવ ભિન્ન! મૂળતઃ જ્ઞાનીઓનાં જ્ઞાન પણ ભિન્ન હોવાનાં! બ્રહ્મ-દર્શન પણ ભિન્ન થવાનું! તેથી તો આટલાં મત-મતાંતરો છે! વાદ-વિવાદો છે!

આચાર્યશ્રી કહે છે, જ્યાં સુધી પ્રવાહમાર્ગ કે મર્યાદામાર્ગ છે ત્યાં સુધી આ અસમાનતા છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં એકમાત્ર જીવની પરિશુદ્ધતા જ અભિપ્રેત છે. જીવ બ્રહ્મસ્વરૂપ થવો જોઈએ એ પહેલી અને અંતિમ યોગ્યતા છે. પુષ્ટિ.. સ્વીકૃતિ પછીની વાત છે. એના માટે અવ્યભિચારી ભક્તિ જ એકમાત્ર આધાર છે.

શું ડૉક્ટરનો છોકરો ડૉક્ટર ગણાય! ના. એ છોકરો મૅડીકલનો અભ્યાસ કરીને પ્રમાણપત્ર મેળવે તો જ ડૉક્ટર થાય! બીજી કોઈ રીત નથી, તે રીતે ભક્તિમાર્ગમાં ભક્તનાં ગુણો કેળવીને, એકાશ્રિત થઈને જ પુષ્ટ થવાય! જે ભગવાને કહી છે તે પદ્ધતિથી જવું પડશે!

८ प्रमाणभेदाद् भिन्नो हि पुष्टिमार्गो निरूपितः।
सर्गभेदं प्रवक्ष्यामि स्वरूपांगक्रियायुतम्॥

| प्रमाणभेदात् | भिन्नः | हि | पुष्टिमार्गः | निरूपितः |
|---|---|---|---|---|
| શાસ્ત્ર પ્રમાણનાં ભેદથી | જુદો | જ | પુષ્ટિમાર્ગ | નિમાયેલો છે |

| सर्गभेदम् | प्रवक्ष्यामि | स्वरूप | अंग | क्रिया | युतम् |
|---|---|---|---|---|---|
| સૃષ્ટિનો ભેદ | કહું છું | સ્વરૂપ | અવયવો | ક્રિયાઓના | મેળ |

पुष्टिमार्गः प्रमाणभेदात् भिन्नः हि निरूपितः। (शास्त्रसंमते अतः)
सर्गभेदम्, स्वरूप अंग क्रिया युतम् प्रवक्ष्यामि॥

પુષ્ટિમાર્ગ.. સ્વીકૃતિ માર્ગ, શાસ્ત્ર પ્રમાણોનાં ભેદથી.. વિભાગોથી જુદો જ નિમાયેલો છે. (શાસ્ત્રસંમત છે જ, તે) સૃષ્ટિનો ભેદ.. રહસ્ય (કહું છું). સ્વરૂપ–અંગ–ક્રિયા, તેમનાં મેળને અર્થાત્ સ્વભાવ, હેતુ અને કર્મની યુતિ કહું છું.

તાત્પર્યઃ આ ત્રણ માર્ગો, આચાર્યશ્રીનું વિશેષ દર્શન છે. જે માર્ગોમાં મનુષ્યમાત્રનું આચરણ છે, તે માર્ગોનાં વિભાજનનું યથાવત સ્વરૂપ આપણને સમજાવ્યું છે. હવે જે તે માર્ગોની રચના ભગવાને કેવી રીતે કરી છે તેનું દર્શન રજુ કરે છે. આ જ્ઞાન અલૌકિક છે, અદ્ભુત છે.. શ્રુતિતુલ્ય દર્શન છે!

પ્રવાહમાર્ગ જે પ્રાકૃતમાર્ગ છે.. પ્રાકૃતિક મનુષ્યોનું સામાન્ય ગમન છે. તેનાથી ઉપર, મર્યાદામાર્ગ જે સાંસ્કૃતમાર્ગ છે, ઘણાં વિદ્વાનો, ઋષીઓ, આચાર્યોએ તેમનાં જ્ઞાનથી અને અનુભવોથી રચેલો પ્રમાણભૂત સિદ્ધાંતોનો માર્ગ છે. તેનાં પર ચાલવાથી ગંતવ્ય સુધી જવાશે જ, મનુષ્ય જીવન સાર્થક થશે જ! પરંતુ તેનાથી ઉપર એક માર્ગ રહેલો છે, તેનું નામ છે પુષ્ટિમાર્ગ! ભગવાનની સ્વીકૃતિનો માર્ગ!

દૈવીપ્રવાહમાં પ્રવાહિત થઈને, મર્યાદાઓથી પવિત્ર અને પરિશુદ્ધ થઈને, આ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ લેવાનો છે. ભક્તિ એ કંઈ સામાન્ય ખેલ નથી! આ કોઈ બાપુનો બગીચો નથી કે કોઈ પણ આવીને ફરી શકે! અહીં પણ તપસ્યા જોઈએ, એકનિષ્ઠ શરણપૂર્ણ વ્યવહાર જોઈએ. શામળ કહે છે, "પ્રથમ પહેલું મસ્તક મુકીને વળતી લેવું નામ જોને! ભક્તિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને!" ત્યારે પ્રવેશ મળે! આચાર્યશ્રી કહે છે, ભગવાન સ્વીકારી લે તેવું જીવન બનાવવું હોય તો, ગીતાજીમાં જે કહ્યું છે તે જાણી લો, સમજી લો, અપનાવી લો તો કૃતાર્થ થશો!

९ इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः।
वचसा वेदमार्गं हि पुष्टिं कायेन निश्चयः॥

| | | | | |
|---|---|---|---|---|
| इच्छामात्रेण | मनसा | प्रवाहम् | सृष्टवान् | हरिः |
| ઇચ્છામાત્રથી | મનથી | પ્રકૃતિના | સર્જનહાર | ભગવાન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| वचसा | वेदमार्ग | हि | पुष्टिम् | कायेन | निश्चयः |
| વાણીથી | મર્યાદામાર્ગ | જ | પુષ્ટિમાર્ગ | દેહથી | નિશ્ચિતરૂપે |

हरिः इच्छामात्रेण मनसा प्रवाहम् सृष्टवान्। वचसा वेदमार्गम्.. मर्यादामार्गम् (सृष्टवान् च) हि (चिन्मय) कायेन पुष्टिम् निश्चयः॥

હરિએ.. ભગવાને ઇચ્છામાત્રથી માનસ સૃષ્ટિનું નિર્માણ કરીને, પ્રવાહ.. પ્રકૃતિનાં સ્રષ્ટા થયા. વાણીથી વેદમાર્ગ (મર્યાદામાર્ગ રચ્યો અને) સાચે જ, તેમની ચિદ્રૂપ કાયાથી પુષ્ટિમાર્ગ છે, તેવો નિશ્ચય છે.. નિરૂપણ છે.

તાત્પર્યઃ શું દર્શન છે! સર્વ સામાન્ય જીવો ભગવાનનાં મનમાં રમે છે.. પ્રકૃતિમાં રમે છે. તે પ્રાથમિક સૃષ્ટિ છે.. સામાન્ય જીવ છે. આ માનસી સૃષ્ટિની આગળ બૌદ્ધિક સૃષ્ટિ છે જેમાં જ્ઞાનીઓ, વિજ્ઞાનીઓ કે પ્રજ્ઞાનીઓ રમે છે. તેમની વાણીથી વેદમાર્ગ.. જ્ઞાનમાર્ગ સંપન્ન છે! પ્રગતજીવો તે સાંસ્કૃત.. મર્યાદામાર્ગે છે.

પ્રવાહમાર્ગ_ સૃષ્ટિ નદીની જેમ, દીપજ્યોતિની જેમ, એક સતત પ્રવાહ છે, તે માર્ગમાં પ્રાકૃતિક રીતે જીવો વહી જાય છે. મર્યાદામાર્ગ_ આ સૃષ્ટિનું રહસ્ય, ધર્મ–કર્મની લીલા, નીતિ–નિયમો વેદનિર્દેશિત જ છે, તેથી તેનાં બંધારણ પ્રમાણે સીમા.. મર્યાદામાં રહીને જીવવાનું છે! તેથી દૈવીજીવો માટેનો આ વૈદિક.. સાંસ્કૃતિક ધર્મપાલનનો મર્યાદામાર્ગ વાણીથી થયો. તેનાથી આગળ છે પ્રિય જીવોનો માર્ગ!

પુષ્ટિમાર્ગ_ ભગવાનનો દેહ હાડ–માંસનો ન હોય, તૈજસ હોય.. ચિન્મય હોય! તે કાયાથી નિર્મિત તેજસ્વીરૂપ થયેલો માર્ગ તે પુષ્ટિમાર્ગ. જે જીવો ભક્તિમાર્ગે ધપે તેમને ભગવાન સાથે જ રમવા મળે! રાસ તેનું નામ છે! આ દર્શન છે.

પ્રવાહમાર્ગ.. સંપદાગત.. દૈવી કે આસુરી.. પ્રાકૃતિક માર્ગ. ધર્મ–કર્મની રમત! મર્યાદામાર્ગ.. પરંપરાગત.. પુરુષાર્થ, વર્ણ–આશ્રમનું પાલન.. સાંસ્કૃતિક માર્ગ અને પુષ્ટિમાર્ગ.. સાત્ત્વિકતાથી શુદ્ધ ભક્તિનો સ્વીકાર થાય.. અંગીકાર થાય, તેને કહે છે સ્વીકૃતિમાર્ગ! સ્વયં ભગવાને અપનાવ્યાં તે પુષ્ટ! भक्तास्तेऽतीव मे प्रियाः।

૧૦ मूलेच्छातः फलं लोके वेदोक्तं वैदिकेऽपि च।
कायेन तु फलं पुष्टौ भिन्नेच्छातोऽपि नैकधा॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| मूल-इच्छातः | फलम् | लोके | वेद-उक्तम् | वैदिके | अपि | च |
| મૂળ ઇચ્છાગત | ફળ | પ્રાકૃતને | વેદમાં કહેલાં | વેદમાર્ગમાં | પણ | અને |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| कायेन | फलम् | पुष्टौ | भिन्न | इच्छातः | अपि | न | एकधा |
| દેહથી | ફળ મળે | પુષ્ટિમાર્ગે | વિવિધ | ઇચ્છિત | પણ | નહીં | એકપ્રકારનું |

लोके.. प्राकृतमार्गे, मूल-इच्छातः (कर्म सिद्धान्ते) फलम् च वैदिके.. मर्यादामार्गे वेद-उक्तम् (नियतम् फलम्)। पुष्टौ.. पुष्टिमार्गे कायेन अपि, (भक्तस्य) भिन्न इच्छातः, न एकधा फलम्॥

લોકમાં.. પ્રકૃતિમાર્ગે, મૂળ ઇચ્છા પ્રમાણે (કર્મના ન્યાય પ્રમાણે) ફળ મળે અને વૈદિક.. મર્યાદામાર્ગે, વેદમાં નિર્દેશિત (કામનાપૂર્ત નિયતફળ મળે). પુષ્ટિમાર્ગમાં, શરીરથી પણ, (ભક્તની) વિભિન્ન ઇચ્છા પ્રમાણે, એકસરખું નહીં તેવું ફળ મળે.

તાત્પર્યઃ સામાન્ય જીવોને, પશુ-પક્ષીઓને તેમ પ્રાથમિક અવસ્થામાં રહેલાં માણસોને, સામાન્ય કર્મો અંગેનું જ્ઞાન પણ નથી હોતું. કર્મશાસ્ત્ર શું, ધર્મ શું, આની કોઈ કલ્પના નથી હોતી. તેઓ માત્ર ઇચ્છાપૂર્વક કર્મો કરે છે અને તેનાં ફળ ભોગવે છે. તે પ્રાકૃતજીવોથી આગળ વધેલાં જીવો, વૈદિકમાર્ગે વિકાસ કરીને સૃષ્ટિનાં રહસ્યો જાણે છે. કર્મશાસ્ત્રનું જ્ઞાન મેળવીને, યજ્ઞપૂર્વક કામનાપૂર્ત કર્મો કરીને, તેનાં ફળ સ્વરૂપે સ્વર્ગપર્યંતનાં સુખો પામે છે પણ, ભવથી છુટતાં નથી.

જ્યારે કર્મોથી પણ આગળ વધીને, ભક્તિપૂર્ણ કર્મો કરનારાં તે પુષ્ટિમાર્ગીઓ, આ દેહમાં જ વિવિધ ફળો પ્રાપ્ત કરવા સક્ષમ થાય છે. પુષ્ટિમાર્ગી ભગવાનનાં શું થાય છે? દાસ, મિત્ર, પુત્ર, પ્રિયા વગેરે.. તે પ્રમાણે દેહ મળે! સંબંધ એકસરખાં નથી તેથી કહ્યું ફળ ભિન્ન છે. બીજું, જ્ઞાનીભક્તમાં.. પુષ્ટ ભક્તમાં તો ઈશ્વર જાતે આવીને વસે, ઉપદૃષ્ટા અનુમન્તા ભર્તા ભોક્તા મહેશ્વર પરમાત્મા! (ગીતા ૧૩.૨૨) જેવી જેની યોગ્યતા! ભગવાન જ દેહમાં વિરાજે.. કાયેન! તેઓ જ મહાપુરુષ! ભારતીય સંસ્કૃતિએ શા માટે ગુરુને કે ગુરુતુલ્ય મહાપુરુષને ભગવાનની પદવી આપી છે? કારણ ભગવાન તેમનાં દેહમાં અવતરીત થાય છે. તેથી કહેવાય છે, ભગવાન પતંજલી, ભગવાન શંકરાચાર્ય, ભગવાન વલ્લભાચાર્ય...

११ तानहं द्विषतो वाक्यात् भिन्ना जीवाः प्रवाहिणः।
अत एवेतरौ भिन्नौ सान्तौ मोक्षप्रवेशतः॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| तान् | अहम् | द्विषतः | वाक्यात् | भिन्नाः | जीवाः | प्रवाहिणः |
| તેમને | હું | દ્વેષીઓને | વાક્યથી | જુદા | જીવો | પ્રાકૃતિક |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| अतः | एव | इतरौ | भिन्नौ | स-अन्तौ | मोक्षप्रवेशतः |
| તેથી | જ | બીજા બે | જુદા પ્રકારનાં | અંતસહિતનાં | મોક્ષ પામનારાં |

प्रवाहिणः.. प्राकृतिकः (आसुराः) जीवाः 'तान् अहम् द्विषतः क्रूरान्..' (१६.१९) वाक्यात् भिन्नाः (दैवाः)। अतः एव इतरौ (द्वौ) भिन्नौ मोक्ष प्रवेशतः सान्तौ (मर्यादामार्गी च पुष्टिमार्गी)॥

પ્રવાહમાર્ગી.. પ્રકૃતિક (આસુરી) જીવો "તેઓને હું, દ્વેષી ક્રૂર લોકોને.." (ગીતા ૧૬.૧૯) વાક્યથી ભિન્ન (પ્રકારનાં દૈવી છે.). તેથી જ બીજા બે પ્રકારનાં પૃથક્ મોક્ષમાં પ્રવેશ પામતાં, (ભવ)અંતસહિતનાં છે. (મર્યાદામાર્ગી અને પુષ્ટિમાર્ગી.)

તાત્પર્યઃ જે પ્રાકૃતિક જીવો છે, જેમકે જંગલી મનુષ્યો અથવા જે લોકો સનાતન સંસ્કૃતિથી અજાણ છે.. અજ્ઞ છે, તેઓ અજ્ઞાનથી પશુવત્ જેમ તેમ જીવે છે. આસુરી થતાં દુષ્કર્મો કરી બેસે છે. જેઓ ભારતીય સંસ્કૃતિને જાણીને પણ તેની અવહેલના કરીને આસુરી થાય છે, તેઓ સૌથી અધમ છે. ભગવાન કહે છે, તેઓ મારાં દ્વેષી છે, તે ક્રૂર લોકોને હું ઘોર નરકમાં નાખું છું.

હવે આ વાક્ય જ સિદ્ધ કરે છે કે બીજાં દૈવી લોકો પણ છે અને તેઓ જીવન વિકાસના માર્ગે અગ્રેસર છે. તેઓ દૈવી મર્યાદામાર્ગીઓ છે, તેમનાંથી આગળ ગયેલાં જ્ઞાનમાર્ગીઓ અને ભક્તિમાર્ગીઓ પણ અસ્તિત્વમાં છે. આ લોકો મુક્તિનાં અધિકારી છે અને તેથી ભવસાગરનાં અંતવાળાં છે. મૃત્યુ એ જીવનનો અંત નથી, મુક્તિ એ જીવનનો અંત છે. પ્રાકૃતિક જીવો તે અંત ન પામતાં જન્મમૃત્યુનાં ફેરાં ફરે રાખે છે, જ્યારે સાંસ્કૃતિક.. વૈદિકમાર્ગીઓ ધર્મ, અર્થ અને કામ, ત્રણ પુરુષાર્થો યથાવત પૂર્ણ કરે તો અંતે મોક્ષ પુરુષાર્થ સિદ્ધ જ છે! તે રીતે પુષ્ટિમાર્ગે, ભક્તિપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરનારાંને મોક્ષ નિશ્ચિત છે, તેથી અંતવાળા કહ્યાં છે.

ભારતમાં જન્મીને ભારતીય સંસ્કૃતિને ન જાણે તે કેટલાં અભાગી છે! જ્યારે હિંદુ ન હોવા છતાં જેઓ સનાતની જીવન જીવે છે, તેઓ ધન્ય છે! કૃતાર્થ છે.

१२ तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| तस्मात् | जीवाः | पुष्टिमार्गे | भिन्नाः | एव | न | संशयः |
| તેથી | જીવો | પુષ્ટિમાર્ગનાં | વિરલ | જ | નથી | સંશય |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| भगवत्-रूप | सेवा-अर्थम् | तत् | सृष्टिः | न | अन्यथा | भवेत् |
| ભગવદ્રૂપોની | સેવા અર્થે | તે | સૃષ્ટિ | નહીં | અન્ય કારણે | થઈ છે |

तस्मात् पुष्टिमार्गे जीवाः भिन्नाः एव (सन्ति,) न संशयः। तत् (सेवकसृष्टिः भिन्नः) भगवद्-रूप सेवा अर्थम् भवेत्, न अन्यथा॥

તેથી પુષ્ટિમાર્ગનાં જીવો ભિન્ન છે.. વિરલ છે, એમાં સંશય નથી. તે (સેવકની સૃષ્ટિ, વિભિન્ન) ભગવાનના રૂપોની સેવા માટે જ થઈ છે, અન્યથા નહીં.. બીજા કોઈ કારણે નહીં. (સૃષ્ટિને ટકાવી રાખનારું પરિબળ જ ભક્ત છે!)

તાત્પર્યઃ આ કરાલ કળિકાળમાં, જ્યાં માણસોએ બધી મર્યાદાઓ પાર કરી છે. એક એકથી મોટાં.. ખોટાં કામો.. દુષ્કર્મો થતાં રહેલાં છે, તેવાં સંજોગોમાં આ સૃષ્ટિ કેમ ચાલી રહી છે.. ભગવાન કેમ ચલાવી રહ્યાં છે! તે આશ્ચર્યકારક છે.

શું ભગવાન આટલી ભૌતિક પ્રગતિ જોઈને સ્તબ્ધ છે? માનવે વૈજ્ઞાનિક રીતે ઊભી કરેલી વસાહતોથી અંજાઈ ગયા છે? માનવ ચંદ્ર પર ગયો કે અંતરિક્ષમાં ફરે છે તેથી પ્રસન્ન છે? ભગવાનને માનવનાં કયા વર્તનથી આ સૃષ્ટિ ચલાવવાનું મન થાય છે! આચાર્યશ્રી કહે છે, હજારો વર્ષોથી ભગવાન આ સૃષ્ટિ ચલાવે છે તેનું એક જ કારણ છે, તેનાં ભક્તો!

આજે વિજ્ઞાન માણસને માણસથી ખૂબ નજીક લાવ્યું છે, પરંતુ અંદરથી માણસ માણસથી અતિદૂર થયો છે! દરેકનાં મન વિષમ છે! ભૌતિકતાએ સૌને ભગવાનથી દૂર કરી દીધાં! તેવા કાળમાં પણ કોઈક તો ભક્ત છે.. કોઈક તો ભક્તસમૂહ છે, જેથી ભગવાનને આ સૃષ્ટિ ચલાવવાનું મન છે.. આનંદ છે! તે ભક્તો વિરલ છે.

ભગવાનના અનેક રૂપોમાં તેઓ મગ્ન છે. જેમકે, ભક્ત દાસ છે તો ભગવાન શેઠ કે ઠાકોર.. માલિક છે! હવે દાસત્વ એની સૃષ્ટિ.. એનો ધર્મ! તેવું જ પિતા–પુત્ર, પ્રિયતમ–પ્રિયા વગેરે સંબંધોનું છે. ભક્તિ પ્રમાણે સૃષ્ટિ રચાય! ભક્તિ એટલે જ સંબંધ સેવન! આ સંબધોનાં વિરલ આકર્ષણથી જ આ સૃષ્ટિ ચાલે છે!

१३ स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च।
तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा॥

| स्वरूपेण | अवतारेण | लिंगेन | च | गुणेन | च |
|---|---|---|---|---|---|
| સ્વરૂપથી | અવતારથી | ચિહ્નથી | અને | ગુણથી | વળી |

| तारतम्यम् | न | स्वरूपे | देहे | वा | न | तत् | क्रियासु | वा |
|---|---|---|---|---|---|---|---|---|
| વિશેષ તફાવત | નથી | સ્વરૂપમાં | દેહમાં | કે | નથી | તેની | ક્રિયાઓમાં | કે |

(ईश्वरः) अवतरेण च स्वरूपेण, लिंगेन च गुणेन, न तारतम्यम् (भवेत्)। न तत् स्वरूपे वा देहे वा क्रियासु (तारतम्यम् भवेत्)॥

(ઈશ્વરને) અવતારથી કે સ્વરૂપથી, જાતિથી કે ગુણોથી, વિશેષ તફાવત નથી (થતો, કોઈ ખાસ અંતર નથી.) વળી તેનાં સ્વભાવ કે દેહમાં કે ક્રિયાઓમાં (પણ કોઈ બદલાવ નથી હોતો. તેમનું બધુંય ભક્તને અનુરૂપ છે.)

તાત્પર્યઃ આચાર્યશ્રીનો કહેવાનો સંદર્ભ ભગવાનના અસીમપણાનો છે. આપણે સીમિત છીએ તેથી, અમુક હદમાં જ વિચારી શકીએ, આપણી વિચારક્ષમતા મર્યાદિત જ છે. જેમકે કોઈ વ્યક્તિ ઘરે છે તેનો અર્થ તે બીજે ક્યાંય નથી, કારણ તે એક જ સ્વરૂપે છે! તે દ્વિરૂપ કે બહુરૂપ ધારણ કરી શકતો નથી! વળી કર્મફળોથી બંધાયેલો તે બળ, મન, ધન કે બુદ્ધિની ક્ષમતામાં સીમિત છે. જ્યારે ઈશ્વરને એવાં કોઈ બંધનો નથી, મર્યાદાઓ નથી, કોઈ વિઘ્નો જ નથી! એ ધારે તે રૂપ લઈ શકે, એક રૂપ ધરે કે એક સાથે અગણિત રૂપ લઈ શકે! એના માટે કશું અશક્ય નથી. એ અહીં પણ છે ને સર્વત્ર પણ છે! એ જેટલા ને જેવા મારી સાથે છે, તેટલા ને તેવા તમારી સાથે છે અને સૌની સાથે છે! એ આંખરહિત સઘળું દેખે છે, કાનરહિત બધું સાંભળે છે! તમે શોધો ત્યાં નહીં મળે, જેનાથી શોધો છો ત્યાં મળે! જ્ઞાનથી શોધો તો જ્ઞાનમાં, ભક્તિથી શોધો તો પ્રેમમાં મળે!

ભગવાનને અવતારનું કે સ્વરૂપથી કોઈ પ્રયોજન નથી, ત્રિગુણો કે કર્મો એને બાંધી શકે નહીં તેથી દેહ અને ક્રિયાઓ માત્ર નામનાં છે! ભગવાન માત્ર અને માત્ર ભક્ત માટે જ નાટક કરે છે.. લીલા કરે છે! તે નટવર છે, તે જ નટરાજ છે! જે ભક્તનો સ્વભાવ તેને અનુરૂપ જ ભગવાનનો સ્વભાવ! तांस्तथैव भजाम्यहम्। (ગીતા ૪.૧૧) જે જેવાં મને ભજે, તેમને તેવાં જ હું ભજું!

१४ तथापि यावताकार्यं तावत्तस्य करोति हि।
तेहि द्विधा शुद्धमिश्र-भेदान् मिश्रास्त्रिधापुनः॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| तथा | अपि | यावत् | आकार्यम् | तावत् | तस्य | करोति | हि |
| છતાં | પણ | જેટલું | સંપૂર્ણ કાર્ય | તેટલું | તેનું | કરે છે | જ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ते | हि | द्विधा | शुद्धमिश्र | भेदात् | मिश्राः | त्रिधा | पुनः |
| તેઓ | કેમ કે | બે પ્રકારે | શુદ્ધ, શુદ્ધાશુદ્ધ | ભેદોથી | મિશ્રિત | ત્રિવિધ | ફરી |

तथा अपि तस्य यावत् (अवतारेण) आकार्यम् तावत् (फलिभूतम्) करोति हि। हि ते द्विधा शुद्ध (च अशुद्धि) मिश्र, पुनः त्रिधा भेदात् मिश्राः (हि ते लोकाः त्रिगुणान्विताः)॥

તેમ છતાં તેનું જેટલું (અવતારનું) સંપૂર્ણ કાર્ય, તેટલું (ફળીભૂત) કરે જ છે. કેમ કે તેઓ (લોકો) બે પ્રકારથી, શુદ્ધ અને મિશ્ર (શુદ્ધાશુદ્ધ છે). વળી ફરી ત્રણ પ્રકારે મિશ્રિત (કેમ કે તે લોકો ત્રિગુણી છે).

તાત્પર્યઃ અવતાર કે ભગવાને મોકલેલા મહાપુરુષ, આવે અને કાર્યસંપન્ન કરીને ચાલ્યા પણ જાય! તે કેટલાને ખબર પડે? ભગવાન કોઈ ચિહ્ન.. લેબલ તો લગાવતા નથી! ફોટામાં હોય છે તેવું, વાસ્તવિક માથા પાછળ વલય નથી હોતું! તો કેમ જણાય કે આ મહાપુરુષ.. સિદ્ધપુરુષ છે કે અવતારી પુરુષ છે?

તે સૌ મનુષ્યનાં કર્મો ઉપર, પુણ્યોદય અને સત્ત્વ ઉપર આધાર રાખે છે. કોઈ તરત ઓળખી જાય, કોઈને ઓળખવામાં ઘણી વાર લાગે અને મોટાભાગનાં તો પાસે હોય.. સાથે હોય તો પણ ઓળખી ન શકે! બધું મનુષ્યોનાં પોતપોતાનાં વિકાસ પર નિર્ભર છે. કોણ કેટલાં મન-બુદ્ધિથી શુદ્ધ છે, આચાર કેટલાં પવિત્ર છે, તે શુદ્ધિ, અશુદ્ધિ કે વિશુદ્ધિ જ આધાર છે. બધાં જીવે છે, તેમાં કેટલાં લોકો સાત્ત્વિકતાને માટે દક્ષ છે? જીવન સાત્ત્વિક રહે તેના માટે કોની દોડધામ છે?

જીવન સાત્ત્વિક હોવું જોઈએ તો અવતારી મહાપુરુષોને ઓળખી શકાય! કદાચ મહાપુરુષ સાથે ન પણ હોય, છતાં તેમનાં સાહિત્યથી જીવનને પુષ્ટિ મળે. ગીતાજી કે ઉપનિષદોથી માર્ગદર્શન મળે, જ્ઞાન મળે! બધો આધાર સાત્ત્વિક વૃત્તિ અને જ્ઞાનપિપાસા ઉપર છે. ભક્ત હશે તો ભગવાનને મળવાની તેની આતુરતા જ મેળાપનો આધાર છે. કદાચ તે ભક્તોને મળવા જ મહાપુરુષ આવે છે!

१५ प्रवाहादि विभेदेन भगवत्कार्यसिद्धये।
पुष्ट्या विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः॥

| प्रवाह | आदि | विभेदेन | भगवत् | कार्य | सिद्धये |
|---|---|---|---|---|---|
| પ્રવાહમાર્ગ | વગેરેના | વિશેષ ભેદોથી | અવતારનું | કાર્ય | સિદ્ધ કરે છે |

| पुष्ट्याः | विमिश्राः | सर्वज्ञाः | प्रवाहेण | क्रियारताः |
|---|---|---|---|---|
| પુષ્ટિમાર્ગીઓ | વિમિશ્રિતો છે | સર્વ જ્ઞાની | પ્રવાહિતોમાં | કાર્યરતો |

(संसारेषु) प्रवाह आदि (मार्गेण) विभेदेन, भगवद् कार्यम् सिद्धये, (फलिभूतम् भवेत्)। पुष्ट्याः (अपि त्रयेस्थिताः) विमिश्राः, सर्वज्ञाः (दैवी) प्रवाहेण (संस्कृतेः) क्रियारताः (मर्यादाचाराः)॥

(સંસારમાં) પ્રવાહ વગેરે (માર્ગોનાં) પ્રકારથી, અવતારીકાર્ય સિદ્ધ કરે છે, (ફળીભૂત થાય છે.) પુષ્ટિમાર્ગીઓ (પણ ત્રયે સ્થિત) વિમિશ્રિત છે. સર્વ જાણતા (સાત્ત્વિકો, કે દૈવી) પ્રાકૃતોમાં, (સંસ્કૃતિ અર્થે) કાર્યરત (મર્યાદામાર્ગીઓ છે).

તાત્પર્યઃ એકદમ સ્પષ્ટ આલેખન! અવતારી પુરુષ આવે અને ત્રણેય પ્રકારનાં માનવોનું ઉત્થાન કરીને ચાલ્યા જાય! થોડાં લોકોને ખબર પડે, અન્યથા આખો માનવલોક ઊંઘતો રહે! અવતારી કાર્યમાં પ્રાકૃતલોકોને દૈવીમાર્ગ મળે! અસુરત્વ છોડવાની તક મળે! દૈવી લોકોને માર્ગદર્શન મળે, મર્યાદીલોકોને સ્થળ-કાળ પ્રમાણે જ્ઞાન મળે. તેઓ પુષ્ટિમાર્ગ.. ભક્તિમાર્ગમાં આગળ વધે.

અત્રે આચાર્યશ્રીએ, પુષ્ટિમાર્ગીઓને અર્થાત્ જેઓ ભક્તિમાર્ગમાં સ્થિત છે તેઓને, વિશેષ સંદેશ આપ્યો છે. સ્પષ્ટ કહ્યું છે કે પુષ્ટિમાર્ગીઓ પણ ત્રયે સ્થિત છે. ત્રિગુણોથી આવૃત્ત છે, તેમાં સાત્ત્વિકતા વધારવી જોઈએ. વિમિશ્રિત ન રહો!

બધી બાબતે ભગવાનની કૃપાનો આધાર ન રખાય! જ્યાં જે કરવાનું છે તે મનુષ્યે જાતે જ કરવાનું છે. અમૂક વય સુધી માઁ બાળકને ખવડાવે, પછી જાતે જ ખાવાનું હોય! તેમ હમેશાં, કનૈયા તારો છે આધાર, કરીને બેસી ન રહેવાય! યાદ રહે, પાછળ કહ્યું છે તેમ, કર્મ અને જ્ઞાન પ્રમાણે જ ફળ મળશે. આપણે કેટલી સેવા .. પૂજાપાઠ કર્યાં, કેટલાં ધામ ફર્યાં, આ બધું ગૌણ છે. આચાર્ય સ્પષ્ટ કહે છે, અવતારના કાર્યમાં કેટલાં ઉપયોગી થયાં? કેટલાં લોકોને મળીને તેમનાં જીવનમાં પ્રકાશ કર્યો? સંસ્કૃતિ માટે કેટલાં કાર્યરત થયાં? તે જોવાશે.

१६ मर्यादया गुणज्ञास्ते शुद्धाः प्रेम्णातिदुर्लभाः।
एवं सर्गस्तु तेषां हि फलं त्वत्र निरूप्यते॥

| मर्यादयाः | गुणज्ञाः | ते | शुद्धाः | प्रेम्णा | अतिदुर्लभाः |
|---|---|---|---|---|---|
| મર્યાદામાર્ગે | ગુણોનાં જાણકાર | તેઓ | શુદ્ધ.. પુષ્ટ | પ્રેમપૂર્ણ | અત્યંત દુર્લભ |

| एवम् | सर्गः | तु | तेषाम् | हि | फलम् | तु | अत्र | निरूप्यते |
|---|---|---|---|---|---|---|---|---|
| આમ | સૃષ્ટિ | તો | તેમનાં | જ | ફળને | માત્ર | અહીં | નિરૂપે છે |

ते मर्यादयाः गुणज्ञाः (पुष्ट्याः), शुद्धाः प्रेम्णा, अतिदुर्लभाः (महामानवाः)। एवम् सर्गः तु तेषाम् फलम् तु अत्र निरूप्यते॥

તેઓ મર્યાદા માર્ગે ગુણજ્ઞ (ગુણ-કર્મનાં જાણકાર કે ગુણાતીત, પુષ્ટિમાર્ગથી) પરિશુદ્ધ પ્રેમપૂર્ણ થયેલાં, અતિ દુર્લભ (મહાપુરુષો હોય છે). આમ આ સૃષ્ટિ તો, તેમનાં ફળમાત્ર જ અહીં નિરૂપે છે.. અર્પણ કરે છે.

તાત્પર્યઃ ભગવાન કયા લોકોને પુષ્ટિ આપે? જે લોકો મર્યાદી.. સ્વયં જાગૃત છે, યમ-નિયમનાં આચારોથી તપસ્વી છે અને ત્રિગુણોને કેળવે છે. જગત પ્રત્યેનો તેમનો વ્યવહાર પ્રેમપૂર્ણ છે. આચાર્યશ્રીએ ગહનતાથી સમજાવી દીધું કે આવા મહાપુરુષો વિરલ છે.. દુર્લભ છે, તેમનાંમાં ભગવાન પૂર્ણરૂપે આવી વસે!

આજે કળિકાળમાં થયું છે શું? માણસ કોઈ સંપ્રદાયમાં જોડાય છે કે ત્યાં જ પડી રહે છે, અને એવા વહેમમાં રહે છે કે આપણો ઉદ્ધાર થઈ ગયો! વિશ્વનો કોઈપણ સંપ્રદાય જોઈ લો! યહુદી હોય કે ખ્રિસ્તી, ઈસ્લામ હોય કે તાઓ-માઓ! કોઈપણ સંપ્રદાય! હિન્દુઓમાંય સંપ્રદાયોની ક્યાં ખોટ છે? સનાતની હતાં તેનાં સાંપ્રદાયિક થઈ ગયાં! અને પછી વ્યક્તિ જેટલો સાંપ્રદાયિક.. જેટલો કટ્ટર, તેટલો તામસિક! તેટલો પછાત! ગતિ અટકી જ સમજો! તેથી જાતે અભ્યાસ કરવાનો. ગીતાજી તે જ સમજાવે છે, તું જ તારો ઉદ્ધારક! બધું જાતે જ સમજવું પડશે અને કરવું પડશે. ગીતા એટલે ગીતા! વૈશ્વિક માનવધર્મગ્રંથ! માનવમાત્રને માર્ગદર્શન!

આગળ કહે છે, એવા મહાપુરુષો જે નિષ્કામ કર્મ કરે છે, તે ફળો તેમને ન મળતાં, આ સૃષ્ટિમાં ઠલવાય છે અને સૃષ્ટિ વ્યવસ્થિત ગતિમાન રહે છે. આ સૃષ્ટિ તેમનાં પુણ્યોથી ચાલે છે! પૂર્ણ શાસ્ત્રીય વાત છે કે જગતમાં કર્મચક્ર જ કાર્યરત છે, સૌનાં જીવનનો આધાર જ કર્મો છે. નિષ્કામ કર્મો જ મુક્ત કરશે.

१७ भगवानेव हि फलं स यथाविर्भवेद्भुवि।
गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत्॥

| भगवान | एव | हि | फलम् | सः | यथा | आविर्भवेत् | भुवि |
|---|---|---|---|---|---|---|---|
| ભગવાન | જ | સાચે | ફળસ્વરૂપે | તે | જેમ | સ્વયંપ્રગટે છે | પૃથ્વી ઉપર |

| गुण-स्वरूप-भेदेन | तथा | तेषाम् | फलम् | भवेत् |
|---|---|---|---|---|
| ગુણ સ્વરૂપનાં ભેદ પ્રમાણે | તેમ | તેમનામાં | ફળસ્વરૂપ | થાય છે |

सः (महापुरुषः) हि फलम्, भगवान एव आविर्भवेत् यथा, भुवि (विचरेत्)। तथा तेषाम् गुण-स्वरूप भेदेन फलम् भवेत्॥

તે (મહાપુરુષ જ) સાચે ફળસ્વરૂપ, ભગવાનના જ આવિર્ભાવ.. પ્રાગટ્યની જેમ, પૃથ્વી પર (વિચરણ કરે છે). તેમજ તેમના ગુણ.. દૈવી તત્ત્વ (ને) સ્વરૂપ.. વિચરણનો ભાવ.. સ્વભાવ, તેનાં ભેદ પ્રમાણે ફળસ્વરૂપ થાય છે.

તાત્પર્યઃ યદા યદા હિ ધર્મસ્ય... ભગવાન આવિર્ભાવ પામે છે, ક્યારે? જ્યારે ભક્તો વિમાસણમાં હોય, માર્ગ દેખાતો ન હોય, પ્રગતિ રુંધાતિ હોય ત્યારે. જે જન્મો જન્મથી અવિશ્રાંત પરિશ્રમ કરીને ભક્ત થયો હોય, બ્રહ્મીભૂત થયો હોય તેવા મહાપુરુષના દેહમાં જ સ્વયં ભગવાન વસી જાય! તે અન્ય જનોને, જ્ઞાનીઓને કે ભક્તોને માર્ગદર્શન કરે. મહાપુરુષના દેહમાં, જેમ પાછળ કહ્યું તેમ, ભગવાન જ વિચરણ કરે છે. તેમનાં કર્મો જ આ પૃથ્વી ઉપર ઠલવાય છે, જે સાત્ત્વિક લોકોને સહાયભૂત થાય છે. આ સૃષ્ટિ તેના માટે કાર્યરત છે!

આ મહાપુરુષના સાન્નિધ્યમાં કેટલાંય લોકોને જીવવાની પ્રેરણા મળે, કેટલાંય ભક્તોનો ઉત્સાહ વધે, સાધકોને પીઠબળ મળે અને કેટલાંય સત્કર્મોનો ઉદય થાય. આ બધું શાંતિથી થયા કરતું હોય. સાત્ત્વિકલોકોને તેની જાણ થાય અને તેનાં કાર્યમાં જોડાય. રાજસિકોને ખાસ અસર ન થાય, તેમને લાગે કંઈક ચાલે છે ખરું! જોઈએ શું થાય છે. તામસિકોને કંઈક વિપરિત દેખાય! ભળતું જ દેખાય અને વિરોધ કરવામાં લાગી જાય. આમ ગુણો પ્રમાણે તેમને અસર થાય, પછી તે પ્રમાણેનાં કર્મો થાય. અંતે જેવું કરે તેવું ભોગવે!

તેથી નિત્ય સાત્ત્વિક રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ જેથી ભગવાનને કે મહાપુરુષને ઓળખી શકીએ, તેમની સમીપ જઈ શકીએ.

१८ आसक्तौ भगवानेव शापं दापयति क्वचित्।
अहंकारेऽथवा लोके तन्मार्गस्थापनाय हि॥

| आसक्तौ | भगवान | एव | शापम् | दापयति | क्वचित् |
|---|---|---|---|---|---|
| (બન્ને) આસક્ત | ભગવાન | જ | શ્રાપ | અપાવે | ક્યારેક |

| अहंकारे | अथवा | लोके | तत् | मार्ग | स्थापनाय | हि |
|---|---|---|---|---|---|---|
| વ્યક્તિમાં | અથવા | લોકોમાં | તે | માર્ગ | સ્થાપવા માટે | કેમ કે |

(द्वौ) आसक्तौ! (ततः) भगवान एव क्वचित् शापम् दापयति!
(अवतरण हेतु) हि अहंकारे अथवा लोके, तत् मार्ग स्थापनाय॥

(મહાપુરુષ અને ભગવાન બન્ને, એકબીજા પર) આસક્ત છે! (તેથી) ભગવાન જ ક્યારેક શાપ અપાવે! (જેથી પૃથ્વી ઉપર આવવાનું થાય!) કેમ કે, વ્યક્તિગત કે સમષ્ટિગત, જે તે માર્ગ સ્થાપવા માટે. (કોઈ એકને કે સર્વને માટે માર્ગદર્શન કરવા હેતુ પ્રગટે! મહાપુરુષ સાથે ભગવાન.)

તાત્પર્યઃ એમ લાગે છે કે આચાર્યશ્રી પોતાનો જ અનુભવ નથી કહેતા ને! કારણ, તેઓ કર્મોથી આવ્યા હોય તેવું તો લાગતું નથી! કોઈ ઇચ્છા કે ભોગો ભોગવવાના રહી ગયા હોય એવું પ્રતીત થતું નથી. જગજાહેર છે કે સ્વયં ભગવાને જ જીવાડ્યા છે! તેથી દિવ્ય બાળકરૂપે તો નાનપણથી જ પ્રસિદ્ધ હતાં.

એવું લાગે કે, એકાદ મહાપુરુષ મુક્ત થઈને આ લોકમાંથી ગયા હોય, ફરી આવવાનું કોઈ કારણ નથી! પણ ભગવાનને તેની સાથે રહેવાની આસક્તિ થઈ હોય.. ઇચ્છા થઈ હોય! અને ભગવાન સાથે રહેવાની મહાત્માને તો આસક્તિ હોય જ! તેથી ભગવાન બીજો રસ્તો કાઢે, કોઈની પાસે શ્રાપ અપાવી દે! જેમ કે કોઈ અગ્નિ જેવો તેજસ્વી જીવ સ્વર્ગમાં આવે અને ઇંદ્ર જેવા કોઈ કારણથી કહી દે, 'તને શ્રાપ આપુ છું, જા પૃથ્વીલોકમાં વસ!' ઇંદ્રને તો ખબર પણ ન પડે કે તેનું મન ભગવાને જ ફેરવ્યું છે! અને પૃથ્વી પર આવી બન્ને જાય.. ભક્ત અને ભગવાન! ભક્તનું ખોળીયું ને વસવાટ પ્રભુનો! નામ થઈ જાય વલ્લભનું! કામ થઈ જાય પ્રભુનું! આપી દે લોકોને ભક્તિમાર્ગ!

ભગવાન કંઈ એવું મોટુંય કામ ન કરાવે કે જેનાથી આખું જગત બદલાઈ જાય! બધું હિસાબથી જ થાય! જેને જેટલું મળવાનું હોય તેને તેટલું જ મળે!

१९ न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः।
महानुभावाः प्रायेण शास्त्रं शुद्धत्वहेतवे॥

| न | ते | पाषण्डताम् | यान्ति | न | च | रोगात् | उपद्रवाः |
|---|---|---|---|---|---|---|---|
| નથી | તેઓ | પાખંડપણાને | પામતાં | નથી | વળી | રોગોનાં | ઉપદ્રવોને |

| महानुभावाः | प्रायेण | शास्त्रम् | शुद्धत्व | हेतवे |
|---|---|---|---|---|
| મહાપુરુષો | મુખ્યત્વે | શાસ્ત્રનાં | શુદ્ધિકરણ | હેતુ કાજે |

(अपितु) ते पाषण्डताम् च रोगात् उपद्रवाः न यान्ति। महानुभावाः प्रायेण शास्त्रम् शुद्धत्व हेतवे (परिभ्रमन्ति)॥

(જોકે) તેઓ પાખંડતાને પામતાં નથી અને રોગોનાં ઉપદ્રવોને પામતાં નથી. (પાખંડ કે રોગચાળો તેમનાથી દૂર રહે છે.) મહાપુરુષો મુખ્યત્વે શાસ્ત્રોનાં (કે પરંપરાઓનાં) શુદ્ધિકરણ માટે (જ પરિભ્રમણ કરતા હોય) છે.

તાત્પર્યઃ હવે જ્યારે ભગવાને જ અપનાવ્યા હોય તેવા મહાપુરુષોને આ જગતમાં શું જોઈએ? કંઈ જ નહીં, ઊલટું કંઈક આપવા આવે છે! ભગવાન જ લઈને આવ્યા હોય એને કોઈ પેંતરા રચવાની કે પાખંડ કરવાની વિધિ રહે? ના.

પાખંડ કોણ કરે, જે આત્મજ્ઞાની નથી કે સ્વીકૃત મહાપુરુષ નથી તે. તેને પોષાક દ્વારા કે ટીલાં ટપકાં કે માળાઓ ધારણ કરીને બતાવવું પડે કે સિદ્ધ છે. ચેલા–ચમચા ઊભા કરવા પડે, વાહ વાહ કરાવવી પડે કે બ્રહ્મજ્ઞાની છે. बहोत पहोंचे हुए बाबा है! એવો લોકોમાં વિશ્વાસ બેસાડવો પડે! ભવ્ય આસને વિરાજમાન થાય, મોટા ધનાઢ્યો આવીને નમતા હોય, એવાં દૃષ્યો કરવાં પડે! ત્યારે લોકોને લાગે કે મોટો વિદ્વાન છે! ભગવાન પ્રેષિત મહાત્મા અહીં અલિપ્ત છે.

જે આત્મજ્ઞાની કે પુષ્ટ મહાત્મા છે તેમને આ બધું કરવાની શું આવશ્યકતા? એ તો શાંતિપૂર્વક તેમનું કામ.. પ્રભુકાર્ય કરતા જાય છે. શ્રીવલ્લભે ત્રણ વખત ભારતની પદયાત્રા કરી. કોઈએ બોલાવ્યા હતા? એમને વાહ વાહ જોઈતી હતી? નામ કરવું હતું? શા માટે ફર્યા! ભગવાન માટે, ભગવાનની સાથે જ પગપાળા ફર્યા! જેથી લોકો ભક્તિ સમજી શકે, માનવ જીવન સાર્થક કરી શકે. બેઠકો તો અગણિત કરી હશે પરંતુ જે લોકોએ કૃતજ્ઞતાપૂર્વક યાદ રાખ્યું કે આ મહાપુરુષ અહીં આવ્યા હતા તે બેઠકો સ્મૃતિમાં છે, બીજી પ્રભુ જાણે!

२० भगवत्तारतम्येन तारतम्यं भजन्ति ते।
वैदिकत्वं लौकिकत्वं कापट्यात्तेषु नान्यथा॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| भगवत् | तारतम्येन | तारतम्यम् | भजन्ति | | ते |
| ભગવાનની | તારવણીને | તારવીને | ભજે છે | | તેઓ |
| वैदिकत्वम् | लौकिकत्वम् | कापट्यात् | तेषु | न | अन्यथा |
| વેદમૂલક | પ્રચલિતમૂલક | કપટીપણું | તેઓમાં | નથી | કોઈપણ |

ते भगवत् तारतम्येन तारतम्यम् (लोकसंग्रहेण) भजन्ति। लौकिकत्वम् (दैवी प्राकृतभावे च) वैदिकत्वम् (सांस्कृतिकभावे भजन्ति)। तेषु अन्यथा न कापट्यात्॥

તેઓ ભગવાનની તારવણીને (જેમકે ગીતાજીનાં સિદ્ધાંતોને લોકસ્તરે) તારવીને ભજે છે.. સેવે છે. લૌકિકરીતે.. દૈવી પ્રકૃતિભાવે, વૈદિક.. સાંસ્કૃતિકભાવે (ભજે છે.. પૂજે છે.) તેઓમાં અન્યથા કોઈ કપટભાવ હોતો નથી.

તાત્પર્યઃ મહાપુરુષને કપટ કરવાનું કારણ શું? જ્યાં જેની કાળજી સાક્ષાત ભગવાન રાખતા હોય ત્યાં, લોકો સાથે કપટ કે છેતરપીંડી તેઓ શામાટે કરે? તેઓમાં કોઈ કપટભાવ હોતો નથી, રાખી શકતા જ નથી.

નેતાઓ, પંડિતો, બની બેઠેલા ધર્માધીશો કે અમૂક સંસ્થાઓ કપટ કરીને લોકોનું ધન પડાવે છે; ખોટી વાર્તાઓ ને ઇતિહાસ બનાવીને અનુયાયીઓને ભરમાવે છે. લોકોને ખબર જ નથી પડતી કે સાચું શું ને ખોટું શું! ઘેંટાઓની જેમ હાલે રાખે છે! સમજ્યા વિના વિશ્વાસ રાખવો એ પણ આંધળું અનુકરણ જ છે અને લોકો તેમ દોરાય છે. લોકોને ફસાવવાનો આ કળિકાળનો જ પ્રપંચ છે.

ભગવાન તેવામાં, સાચા ભક્તોના માર્ગદર્શન માટે, મહાપુરુષને મોકલી આપે! સાથે પણ આવે! જેવી ભક્તોની યોગ્યતા! આ મહાપુરુષો શું કરે? નવું તત્ત્વજ્ઞાન નિર્માણ કરે? ના. જે વેદ-ઉપનિષદોનું ગૂઢ જ્ઞાન ભગવાને ગીતાજીમાં સરળ કર્યું.. તારવીને આપણી સમક્ષ મુક્યું, તે તત્ત્વજ્ઞાનને જીવી દેખાડે.. આપણા માટે વધુ સરળ કરે! ભગવાને જે કહ્યું તેને તારવીને, જે ઉપયોગી હોય તે આપણને પીરસે! જેથી આપણો માર્ગ સરળ થાય. પછી કાળક્રમે તેમની અનુપસ્થિતિમાં વિકૃતિ કે દૂષણો ઘૂસી જાય તે સાંપ્રદાયિક વાત જુદી છે.

२१ वैष्णवत्वं तु सहजं ततोऽन्यत्र विपर्ययः।
संबन्धिनस्तु ये जीवाः प्रवाहस्थास्तथा परे॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| वैष्णवत्वम् | हि | सहजम् | ततः | अन्यत्र | विपर्ययः |
| વૈષ્ણવપણું | કેમ કે | સ્વાભાવિક | તેથી | બીજું કાંઈ | વિપરીત |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| संबन्धिनः | तु | ये | जीवाः | प्रवाहस्थाः | तथा | अपरे |
| સંબંધ ધરાવતાં | પરંતુ | જે | જીવો | પ્રવાહમાર્ગી | તેમજ | અન્ય જીવો |

हि (तेषु) वैष्णवत्वम् साहजम्, तु ततः अन्यत्र विपर्ययः संबंधिनः ये जीवाः प्रवाहस्थाः तथा अपरे (आसुरी जीवाः)...

કેમ કે (તેમનામાં) વૈષ્ણવત્વ.. વિષ્ણુનો પ્રેમભાવ સહજ છે.. સાથે જ જન્મેલો છે. પરંતુ તેનાથી ઊલટું વિપરીત સંબંધ ધરાવતાં, જે જીવો (છે તે) પ્રવાહસ્થ.. પ્રાકૃતિક છે.. પશુવૃત્તિનાં છે તથા અપરે (આસુરી જીવો છે.)...

તાત્પર્યઃ અત્રે વિષ્ણુનું સ્મરણ કેમ કર્યું? કારણ વિષ્ણુ સૃષ્ટિનાં પાલક છે.. પોષક છે અને તે પ્રેમપૂર્વક જ સૌને સંભાળે છે.. પોષે છે. વિષ્ણુના આ પ્રેમ તત્ત્વ સાથે જ મહાપુરુષો જગતમાં વિચરે છે. તેમનો વ્યવહાર પ્રેમપૂર્ણ, તેમનું આદાન–પ્રદાન પ્રેમપૂર્વક, તેમનાં વિચાર–વિહાર પ્રેમદાયી! મનુષ્ય શું, આખા ને આખા સમાજ.. લોકસમૂહો બદલી નાખે! માત્ર પ્રેમના સ્પર્શથી! માત્ર ભક્તિની શક્તિથી!

તેમની સામે વિપરિત જીવો ઊભા થવાનાં જ! કોઈપણ અવતાર જુઓ, મહાપુરુષ જુઓ, તેમની સામે કોઈ અસુર કે રાક્ષસ હશે જ! ધર્મીઓની સામે વિધર્મીઓ હોય જ! હોવાનાં જ! જેઓ સુધરવા.. બદલવાના જ નથી! કારણ સૃષ્ટિની સંરચના કહો, રમતનો ભાગ કહો કે ભક્તોની કસોટી કહો; સજ્જનો સામે પ્રતિપક્ષી.. વિરોધીઓ.. દુર્જનો આવશે જ!

મહાપુરુષ સાથે ભગવાન છે તો શું થયું, તેમને અગવડો નથી નડી! તેમને વિઘ્નો નથી નડ્યાં? તેમનાં જીવનો જોઈએ તો દેખાય છે કે તેઓ સહેલાઈથી મહાત્માઓ નથી થયાં, ખૂબ તપ કર્યું છે.. સહન કર્યું છે અને પ્રેમપૂર્ણ વ્યવહાર કર્યો છે ત્યારે મહાપુરુષ થયા છે. તે કદાચ લોકસંગ્રહ માટે.. આપણા માર્ગદર્શન માટે પણ હોય! અત્રે અપરે શબ્દથી બીજાં કેટલાંક લોકોની વાત કરે છે, તે કેવા છે? તેઓ દ્વિમાર્ગે ઊભા છે. તેમનું વર્ણન હવેનાં શ્લોકમાં કરે છે.

२२ चर्षणीशब्दवाच्यास्ते ते सर्वे सर्ववर्त्मसु।
क्षणात्सर्वत्वमायान्ति रुचिस्तेषां न कुत्रचित्॥

| चर्षणी-शब्द-वाच्याः | ते | ते | सर्वे | सर्ववर्त्मसु |
|---|---|---|---|---|
| વ્યભિચારિણી સ્ત્રી શબ્દને લાયક | તેઓ | તેઓ | બધાંય | સઘળે ભમતાં |

| क्षणात् | सर्वत्वम् | आयान्ति | रुचिः | तेषाम् | न | कुत्रचित् |
|---|---|---|---|---|---|---|
| ક્ષણપૂરતા | સમગ્રતાને | આલેખે છે | રુચિ | તેઓમાં | નથી | ક્યાંય |

ते सर्वे, चर्षणी शब्द-वाच्याः, ते सर्व-वर्त्मसु (भ्रमन्ति च) क्षणात् सर्वत्वम् आयान्ति। तेषाम् कुत्रचित् न रुचिः॥

તેઓ સૌ, ચર્ષણી.. વ્યભિચારિણી સ્ત્રી શબ્દના સીધા અર્થ પ્રમાણે, સર્વ માર્ગોમાં (ભટકતા રહે છે અને) ક્ષણભર સમગ્રતાના આવેશમાં આવે છે. તેઓમાં (કશાયની) ક્યાંય રુચિ.. રસ નથી હોતો. (આવેશ ઓસરી જાય છે.)

તાત્પર્યઃ પ્રાકૃતલોકો બધાં તામસી નથી હોતાં.. અસુર નથી થતાં. કેટલાંક રાજસિક હોય છે. તેઓને દરેક બાબતે ધગશ હોય છે, ખૂબ પ્રવૃત્તિશીલ હોય છે પણ સ્થિર નથી હોતાં. તેઓ ખૂબ ચંચળ હોય છે, એક પ્રવૃત્તિને વળગી ન રહેતાં બદલ્યાં કરે છે. તેઓ નથી ગુણધારી થતાં, નથી પુરુષાર્થ કરી શકતાં, નથી ઈશ્વરમાં શ્રદ્ધા રહેતી, નથી કોઈ સંપ્રદાયમાં રસ કે નથી સત્સંગ પ્રવૃત્તિ.. અને હોય તો પણ આવેશપૂર્વક.. ક્ષણિક! ધૈર્યપૂર્વક ક્યાંય ટકી શકે નહીં.

તેથી આચાર્યશ્રીએ તેમનાં માટે ચર્ષણી શબ્દ વાપર્યો છે. સંસ્કૃતમાં બે શબ્દો છે, "ચર્ષણિ" અર્થાત્ મનુષ્ય કે મનુષ્યજાત અને "ચર્ષણી" અર્થાત્ છિનાળ.. વ્યભિચારી સ્ત્રી. અહીં દીર્ઘ–ઈ છે તેથી આ રાજસિક મનુષ્યો ચર્ષણિ થવાને બદલે ચર્ષણી જેવાં થઈ જાય છે.. બધે ભટક્યા કરે છે, ગતિ શું થશે? આજે આ ગમે છે, કાલે બીજું પકડે છે. કોઈ કહે આ સારું છે તો તેની સાથે, બીજો કહેશે કે અહીં ઝડપથી મળે છે તો ત્યાં ગોઠવાય છે. તેમને ક્યાંય રુચિ હોતી નથી.

જેમને વિકાસ કરવો છે તે એક પ્રવૃત્તિ પકડે! પછી તે પ્રવૃત્તિ માટે જ્યાં પણ, જેટલો પણ અભ્યાસ કરવાનો હોય, તે કરવો જોઈએ. ત્યાં રાજસિક વૃત્તિ કામે લગાડવી! જેની પાસે શીખવા મળે, શીખી લેવું જોઈએ. પરંતુ ધ્યેય એક રાખવું. ધ્યેય અને પદ્ધતિ બદલવી ન જોઈએ.

२३ तेषां क्रियानुसारेण सर्वत्र सकलं फलम्।
प्रवाहस्थान्प्रवक्ष्यामि स्वरूपांगक्रियायुतान्॥

| तेषाम् | क्रियानुसारेण | सर्वत्र | सकलम् | फलम् |
|---|---|---|---|---|
| તેઓમાં | કર્મકાંડ અનુસાર | બધેય | અખિલ | ફળ |

| प्रवाहस्थान् | प्रवक्ष्यामि | स्वरूप-अंग-क्रिया-युतान् |
|---|---|---|
| પ્રકૃતિસ્થિતને | કહું છું | સ્વભાવ હેતુ ક્રિયાનાં મેળાપને |

तेषाम् प्रवाहस्थान् (प्रवाहमार्गे) स्वरूप-अंग-क्रिया-युतान्, सर्वत्र क्रियानुसारेण सकलम् फलम्, प्रवक्ष्यामि॥

તેઓમાંના, પ્રવાહસ્થાને સ્થિત.. પ્રાકૃતોને (પ્રવાહમાર્ગમાં) સ્વભાવ-હેતુ-ક્રિયાના મેળાપને, સર્વતરફ ક્રિયા અનુસાર પ્રાપ્ત થતાં સમસ્ત ફળને, કહું છું.

તાત્પર્યઃ ભગવાને ગીતાજીમાં સોળમાં અધ્યાયમાં જે અસુરોનું.. પ્રાકૃત જીવોનું વર્ણન કર્યું છે, તે સમજવા જેવું છે. તેઓ એટલી હદ સુધી જાય છે કે તેમને ફરી મનુષ્યદેહ જ ના મળે! આચાર્યશ્રી આ પ્રાકૃતોનું વિશ્લેષણ કરવાનાં છે, આપણને વધુ સરળતાથી સમજાવશે. પહેલાં સ્વભાવ-હેતુ-ક્રિયાને સમજીએ.

સ્વભાવ એટલે પ્રકૃતિ.. જીવનું આંતરિક બંધારણ. ભાવ તો ઘણાં બધાં છે, કામ થી માંડીને ક્રોધ, લોભ, મોહ... આ ષડરીપુઓ ભાવ છે. તેમ પ્રેમ, અહિંસા, જ્ઞાન... આ બધાંય ભાવ જ છે. હવે ભાવ તો ઘણાં છે પણ, જીવનો મુખ્ય ભાવ કયો છે? તે ભાવ તેનો સ્વભાવ ગણાય છે. આપણે જોઈએ છીએ કે ઘણાંનો જન્મજાત ક્રોધી સ્વભાવ હોય છે, તે બદલવો તેને માટે જટિલ થાય છે. તેવી રીતે બીજા બધા ભાવનું સમજવું. સ્વભાવ બદલવો કઠિન છે પણ અશક્ય નથી.

સ્વભાવનાં અન્ય કારણોમાં વંશાનુગત, સંગતિ, ટેવો, શિક્ષા, ત્રિગુણો... ઘણાં પરિબળો છે. આ સ્વભાવ જ જીવનનો સૌથી મોટો આધાર છે. સ્વભાવ સારો તો અડધું જીવન જિત્યા, સ્વભાવ બગડ્યો તો અનેક ભવ બગડ્યાં સમજો! તેથી સાત્ત્વિક સ્વભાવ પર ભાર મુકાયો છે. સ્વભાવ સાત્ત્વિક હશે તો કર્મો સાત્ત્વિક થશે.. કર્મનો હેતુ સારો થાય અને ક્રિયાઓ વ્યવસ્થિત હોય તો ફળ આપોઆપ જ સારું મળે, તેનાથી પ્રગતિ થાય. હેતુ જેટલો દુષ્ટ પરિણામ તેટલું જ ભયંકર! આનાથી બચવા માટે જ આચાર્યશ્રીએ પ્રાકૃતમાર્ગ પ્રથમ સમજાવ્યો!

२४ जीवास्ते ह्यासुराः सर्वे प्रवृत्तिं चेति वर्णिताः।
तेच द्विधा प्रकीर्त्यन्ते ह्यज्ञदुर्ज्ञविभेदतः॥

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| जीवाः | ते | हि | आसुराः | सर्वे | प्रवृत्तिम् | च | इति | वर्णिताः |
| જીવો | તેઓ | કેમ કે | આસુરી | સૌ | પ્રવૃત્તિ | અને | એમ | વર્ણન છે |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ते | च | द्विधा | प्रकीर्त्यन्ते | हि | अज्ञ | दुर्ज्ञ | विभेदतः |
| તેઓ | પણ | બે પ્રકારે | પ્રસિદ્ધ છે | જ | અજ્ઞાની | દુષ્ટજ્ઞાની | ભેદપૂર્વક |

हि ते सर्वे आसुराः जीवाः 'प्रवृत्तिम् च निवृत्तिम् च..' (१६.७) इति वर्णिताः। च ते विभेदतः हि अज्ञ-दुर्ज्ञ द्विधा प्रकीर्त्यन्ते॥

કેમ કે તેઓ સૌ આસુરી જીવો, "પ્રવૃત્તિ કે નિવૃત્તિને નથી જાણતાં આસુરીજનો!" (ગીતા ૧૬.૭) એમ વર્ણન કર્યું છે અને તેઓ ભેદપૂર્વક જ અજ્ઞ.. અજ્ઞાનીઓ (અને) દુર્જ્ઞ.. દુષ્ટ જ્ઞાનીઓ, બે પ્રકારે પ્રસિદ્ધ છે.

તાત્પર્યઃ તામસિકો કે આસુરી જીવો, સદ્પ્રવૃત્તિમાં જોડાઈ શકતાં નથી અને દુષ્ટ પ્રવૃત્તિ છોડી શકતાં નથી, કારણ તેઓ પ્રવૃત્તિઓનાં યથાર્થ સ્વરૂપને જાણી શકતાં જ નથી! હવે તે અસુરો વિશે તો ઘણું જાણીએ છીએ, તેમનાં વર્ણનની જરૂર નથી; પણ આચાર્યશ્રી અહીં તેમનો વિશેષ ભેદ દર્શાવે છે, તેનું મહત્વ છે.

દરેક મનુષ્ય કંઈક જાણે છે તો કંઈક જાણવા ઇચ્છે છે. હવે પ્રાકૃત જીવનમાં જે કંઈ પ્રથમ જાણવા મળે તે પ્રમાણે જીવન ઘડાય. તેમાં દૈવીસંપદા ધરાવતાં જીવો સન્માર્ગે વળશે.. સાત્ત્વિકજ્ઞાન પ્રાપ્ત કરશે; જ્યારે રાજસિકો કે તામસિકો અજ્ઞાની રહેશે અથવા દુષ્ટજ્ઞાન મેળવશે. તેથી ત્રણ ભેદ થયાં, સુજ્ઞ-અજ્ઞ-દુર્જ્ઞ. અહીં આચાર્યશ્રી અજ્ઞ.. અજ્ઞાનીઓ અને દુર્જ્ઞ.. દુષ્ટ જ્ઞાનવાળાંની વાત કરે છે.

સમાજમાં જે દુષણો છે, અસામાજિકતા છે કે ત્રાસ છે તે સૌ દુર્જ્ઞાનીઓને લીધે છે. દુષ્ટજ્ઞાન એટલે જ્ઞાનથી સાવ વિપરિત.. જીવનમુલ્યો વગરનું અને અહંકારથી ભરેલું જ્ઞાન! જેમકે 'અમે જ રાજ કરવા જન્મ્યા છે, બીજા બધા શત્રુ છે, તેમને જીવવાનો હક્ક નથી.' એવાં જ્ઞાનથી ભરેલાં! અજ્ઞાની રહેવું સારું પણ દુર્જ્ઞાની થવું એટલે પોતાના જીવનનું અધઃપતન અને સમાજની ઘોર ખોદવી.. ત્રાસ કરવો! જો અજ્ઞાની જ્ઞાનવાન સાથે રહેશે તો સુધરવાની તકો છે, પણ જો દુર્જ્ઞાની સાથે રહેશે તો તે પણ દુષ્ટ થઈ જશે, અવશ્ય પતન પામશે. તેથી સત્સંગી રહેવું.

२५ दुर्ज्ञास्ते भगवत्प्रोक्ताः ह्यज्ञास्ताननु ये पुनः।
प्रवाहेऽपि समागत्य पुष्टिस्थास्तैर्न युज्यते॥
सोऽपि तैस्तत्कुले जातः कर्मणा जायते यतः। (अपूर्णम्)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| दुर्ज्ञाः | ते | भगवत् | प्रोक्ताः | हि | अज्ञाः | तान् | अनु | ये | पुनः |
| દુર્જ્ઞાનીઓ | તેઓ | ભગવાને | કહ્યાં છે | જ | અજ્ઞાનીઓ | તેમને | અનુસરે | જેઓ | પાછાં |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| प्रवाहे | अपि | समागत्य | पुष्टिस्थः | तैः | न | युज्यते |
| પ્રવાહમાં | પણ | ભળી જાય | પુષ્ટિસ્થિત | તેમનામાં | નથી | જોડાતો |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| सः | अपि | तैः | तत्कुले | जातः | कर्मणा | जायते | यतः |
| તે | પણ | તેમનામાં | તે કુળે | જન્મે | કર્મોથી | જન્મે છે | જેથી |

ते दुर्ज्ञाः भगवत् प्रोक्ताः (गीतायाम् षोडशेऽध्याये)। हि ये अज्ञाः पुनः तान् अनु(सरन्ति)। पुष्टिस्थः प्रवाहे अपि समागत्य तैः न युज्यते॥ सः (अज्ञः) अपि कर्मणा जायते, यतः तैः तत्कुले जातः।

તેઓ દુષ્ટજ્ઞાનીઓ (ગીતાજીનાં સોળમાં અધ્યાયમાં) ભગવાને કહ્યાં છે. વળી જે અજ્ઞાનીઓ છે, પાછાં તેઓને અનુસરે છે. પુષ્ટિસ્થિત (ભક્ત) પ્રાકૃતિક લોકમાં જોડાય તો પણ ત્યાં તેઓમાં જોડાતો નથી.. રંગાતો નથી. તે (અજ્ઞાની) પણ કર્મથી જન્મે છે, જેથી તેઓનાં કુળ મેળવે છે. (આ ગ્રંથ અપૂર્ણ પ્રાપ્ત છે..)

તાત્પર્યઃ અન્ન-જળ કે મન-બુદ્ધિ દૂષિત થયાં તો સાફ કરવાં અતિકઠિન! તેથી યોગ્ય સુરક્ષિત સ્થાને રાખવાં જોઈએ. અન્ન-જળ ઢાંકીને રાખીએ તેમ મન-બુદ્ધિને સદ્વિચારોથી ઢાંકીને રાખવા જોઈએ. સમાજમાં એવાં એવાં વિચારો ફરે છે કે એકવાર જો દિમાગમાં ભરાઈ જાય તો મન દૂષિત થઈ જાય! પછી બુદ્ધિને ભળતું જ દેખાય! તેથી જો જ્ઞાન ન હોય તો નિત્ય નિરંતર ભગવદીયો.. સત્સંગીઓ સાથે જ રહેવું જોઈએ. પછી સંગ તેવો રંગ! દુર્જનોના સંગથી દુષ્કર્મો જ થશે અને સજ્જનોના સંગથી સત્કર્મો જ થશે! અને બીજો જન્મારો તો આ કર્મો ઉપર જ નિર્ભર છે. કર્મો પ્રમાણે જ જે તે કુળ પ્રાપ્ત થશે.

દૂધ પાણીમાં ભળી જાય, માખણ નહીં! પુષ્ટ જીવો માખણ જેવાં છે, દુષ્ટોની તેમના પર કોઈ અસર થાય નહીં. તેથી આ જન્મે જ પુષ્ટ થવાનો પ્રયત્ન કરવો!

અહીં સુધી જ આ ગ્રંથ ઉપલબ્ધ છે. પ્રવાહમાર્ગીઓ વિશે આટલું પ્રાપ્ત છે, જ્યારે મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગના જીવોનું વિશ્લેષણ લુપ્ત થયેલું છે. હરિઇચ્છા!

અનુમાનથી આગળનું એટલું તો સમજાય છે કે, પ્રવાહમાર્ગી દુષ્ટજીવો પતન પામે છે; પુનઃ મનુષ્ય દેહ પામશે કે કેમ તે પ્રશ્ન છે. પ્રવાહમાર્ગી સુજનો.. સન્માર્ગીઓ, અજ્ઞાની હશે તો પણ ફરી મનુષ્ય જન્મ મેળવીને વિકાસ પામશે, મર્યાદામાર્ગી થશે. તેમનાં કર્મો જ સાંસ્કૃત લોકોમાં જન્મ અપાવશે.

મર્યાદામાર્ગનું વિશ્લેષણ આચાર્યશ્રીએ અદ્ભુત કર્યું જ હશે, છતાં વિચારીએ તો યોગમાર્ગની જેમ યમ-નિયમનું પાલન કરીને, મર્યાદાઓમાં રહીને જીવનબળનો આધ્યાત્મિક માર્ગે ઉપયોગ કરવો જોઈએ. વેદ-ઉપનિષદોનાં પૂર્ણજ્ઞાનથી જ જીવનને વળાંક મળે છે. પ્રસ્થાનત્રયીથી જીવનનો ઉત્કર્ષ નિશ્ચિત છે એમાં કોઈ શંકા જ નથી. કોઈપણ મનુષ્ય તેને અપનાવી શકે છે.

આ વાતો માત્ર હિંદુઓ પૂરતી સીમિત નથી, મનુષ્ય માત્રને લાગુ પડે છે. આ તો કળિયુગની લીલા છે કે સનાતન સંસ્કૃતિને 'હિન્દુ' શબ્દથી સીમિત કરી નાંખી, અન્યથા આર્ય સંસ્કૃતિ વૈદિક છે.. સનાતન છે અર્થાત્ સૃષ્ટિની સાથે જ પ્રગટેલી છે અને સૃષ્ટિ સાથે જ લય પામશે! તેનાથી વિમુખ થશે તેઓને કળિ જ ભવોભવ ફેરવશે.. પ્રલય સુધી અથાડશે! હિન્દુ થઈને પણ જે આ ન સમજે તે મહાઅભાગી!

આચાર્યશ્રીએ ગીતાજીનાં સંદર્ભોથી આપણને સરળ રીતે સમજાવ્યું છે. હવે જો અજ્ઞાની હોઈએ તો સત્સંગીઓ સાથે કે ભગવદીયો સાથે રહીને સન્માર્ગે વળીએ. થોડુંઘણું જ્ઞાન મેળવ્યું હોય તો મર્યાદિત જીવનથી વિકાસ કરી લઈએ. વલ્લભાચાર્યનાં અન્ય ગ્રંથો સહાયભૂત થશે, તેનાથી પુષ્ટિ મેળવીને ભક્તિમાર્ગે આગળ વધીએ. ગીતાજી આત્મસાત કરીશું તો સૌ આચાર્યો કહે છે તેમ ભગવાનને પ્રિય થઈશું અને પુષ્ટ રહીશું. તે પછી ક્યાંય લપસાય નહીં, પ્રભુ સાચવશે!

રાત્રીમાં જ બ્રાહ્મમુહૂર્ત હોય છે અને ત્યારે જાગવાનો ઉચિત સમય કહ્યો છે, પછી અરુણોદય થાય અને તે પછી સૂર્યોદય થાય છે. માનવજન્મોનાં પણ આ ત્રણ કાળ છે. પ્રથમ માનવદેહ એ બ્રાહ્મમુહૂર્ત જ છે! પ્રવાહમાર્ગમાં જે જાગી ગયો તે ફાવી ગયો. પછી મર્યાદામાર્ગનો અરુણોદય નિશ્ચિત છે! અરુણોદયની સંધ્યા જેણે પૂર્ણ કરી, પુષ્ટિમાર્ગનો સૂર્યોદય તેનાં જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ભરી દેશે! પૂર્ણત્વને પામી જશે! આ "માનવપથ" છે! बहुनां जन्मनामन्ते! ત્રણ જન્મો તો ખરાં જ! પ્રવાહનો પથિક, મર્યાદાનો પથિક, અંતે પુષ્ટિનો પથિક! હરે કૃષ્ણ!